જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભારતના જાંબાઝ વિંગ કમાન્ડર 'અભિનંદન'ની દેશ વાપસી





ન્યુ દિલ્હી

ભારત-પાક. સંબંધો માટે આજનો દિવસ ઘણો મહત્વપૂર્ણ દિવસ છે. પાકિસ્તાન આર્મી તરફથી બંધક બનાવેલા ભારતીય વિંગ કમાન્ડર અભિનંદનન આજ ભારતમાં પરત ફર્યા હતા. અમેરીકા સહિતના અનેક દેશોના ઈન્ટરનેશનલ પ્રેશર બાદ પાકિસ્તાને આ નિર્ણય લીધો હતો.

અભિનંદનને ભારત પાછા લાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં ભારતીય દુતાવાસ અને ભારતીય વાયુસેના વરિષ્ઠ અધિકારીઓ ત્યાં પહોંચી ગયા હતા અને તેઓનું ઉમળકા ભેર સ્વાગત કર્યું હતું.

વિંગ કમાન્ડર અભિનંદન માતા-પિતા તેમજ અન્ય પરિજનો પણ અટારી બોર્ડર ઉપસ્થિત રહ્યા અને તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યુ. લોકો ત્રિરંગોની સાથે ઝૂમી રહ્યા હતા. દેશભક્તિના ગીતોનુ ગાન કરીને રાષ્ટ્રીય ધ્વજ લહેરાવી રહ્યા હતા. બોર્ડર ક્ષેત્રમાં કડક સુરક્ષા વ્યવસ્થાનો બંદોબસ્ત કરવામા આવ્યો હતો. મીડિયા અને દેશવાસીઓને વાઘા બોર્ડરથી એક કિ.મી પહેલા જ રોકી દેવામા આવ્યા હતા અને દેશવાસીઓ પ્રાર્થના કરીને વિંગ કમાન્ડરનું સ્વાગત કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતે એવુ કડક વલણ અપનાવ્યું કે, પીએમ ઈમરાન ખાનને ૩૦ કલાકની અંદર જ ભારતીય પાયલટ અભિનંદનને કોઈ પણ શરત વગર છોડવાની જાહેરાત કરવી પડી. આજે વિંગ કમાન્ડર અભિનંદન વતન પરત ફરી રહ્યા છે. નોંધનીય છે કે, ભારતના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ જ કહી દીધું હતું કે, ભારતના પાયલટ અભિનંદનને કોઈ પણ ઈજા વગર તુરંત છોડવો પડશે. સોદાબાજીનો તો સવાલ જ ઉભો થતો નથી. ભારતે કાઉન્સલર એક્સેસની માંગણી નહતી કરી પરંતુ તુરંત છોડવાની જ વાત કરી હતી.પાકિસ્તાનને ચેતવણી આપતા ભારતે કહ્યું હતું કે, જો પાયલટને કઈ પણ થયું તો તેઓ એક્શન માટે તૈયાર રહે.

વિંગ કમાન્ડર અભિનંદનને છોડવાની જાહેરાતકરતાં પહેલાં પાકિસ્તાને ઘણો સોદાબાજીનો પ્રયત્ન કર્યો હતો. પાકિસ્તાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ડોક્ટર મુહમ્મદ ફૈઝલે કહ્યું હતું કે, પાકિસ્તાનના કબજામાં ભારતીય પાયલટ સુરક્ષીત અને સ્વસ્થ છે. ભારતે પાયલટનો મુદ્દો ઉઠાવ્યો હતો. થોડા દિવસમાં અમે નિર્ણય કરીશું કે, કઈ સંધિ લાગુ કરવામાં આવે અને ભારતીય પાયલટને યુદ્ધબંધી જાહેર કરવો કે નહીં. પરંતુ અંતે પાકિસ્તાને હાર માની લીધી હતી અને ભારતના જાંબાઝ પાયલટ અભિનંદનને મુક્ત કરવાનો નિર્ણય લીધો હતો.

તમિલનાડુમાં વડાપ્રધાને પુલવામા હુમલાનો ઉલ્લેખ કરી જવાનોને સલામ કરી

૨૬/૧૧ મુંબઈ હુમલા પર કંઈ ન થયું,અમે ઉરી-પુલવામાનો બદલો લીધોઃ મોદી

કન્યાકુમારી

તામિલનાડુના કન્યાકુમારી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુલવામા હુમલાનો ઉલ્લેખ કરતાં જવાનોનેસલામ કરી. આ દરમ્યાન પીએમ મોદીએ કહ્યું કે પાછલી સરકારોમાં આતંકી હુમલા પર કડક એક્શન લેવામાં આવતા નહોતા. પરંતુ અમારી સરકારે સેનાને આતંકીઓ સામે બદલો લેવાની ખુલી છૂટ આપી દીધી છે. પીએમ એ પોતાના ભાષણની શરૂઆત વિંગ કમાન્ડર અભિનંદનના વખાણ કર્યા. આપને જણાવી દઈએ કે અભિનંદનને આજે અટારી બોર્ડર પર ભારતના હવાલે કરવાનો છે. તેઓ બુધવારથી પાકિસ્તાની સેનાની કસ્ટડીમાં છે. પીએમ એ જવાનોને સલામ કરતાં કહ્યું કે ૨૬/૧૧ ભારતમાં થયું પરંતુ કંઈ ના થયું. પરંતુ ઉરી થયું અને પુલવામા થયુ, અમે બદલો લીધો.



હું સલામ કરું છું કે સેનાને ખુલી છૂટ આપવામાં આવી છે, જે કરવું હોય તે કરે. આતંકવાદીઓથી બદલો લો. પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં કહ્યું કે આપણને ભારતીયોને ગર્વ છે કે વિંગ કમાન્ડર અભિનંદન તામિલનાડુના છે. આ દરમ્યાન પીએમે આતંકવાદનો ઉલ્લેખ કરતાં કહ્યું કે કેટલાંય વર્ષોથી દેશ આતંકવાદનો સામનો કરી રહ્યાં હતા. ૨૦૦૪થી ૨૦૧૪ સુધીમાં કેટલાંય આતંકવાદી હુમલા થયા. જયપુર, મુંબઈ, પૂણે, હૈદ્રાબાદ કેટલીય જગ્યા પર હુમલો કર્યો પરંતુ કોઈને તેના પર કડક કાર્યવાહી કરાઈ નહીં.

કુપવાડામાં સેનાએ ૨ આતંકીઓને ઠાર કર્યા, ૧ જવાન ઘાયલ



શ્રીનગર

કાશ્મીરના કુપવાડા જિલ્લાના હંદવાડાના લંગેટના બાબાગુંડ ગામમાં મોડી રાત્રે થયેલી અથડામણમાં ભારતીય સેનાએ બે આતંકવાદી ઠાર માર્યા છે. માર્યા ગયેલા આતંકીઓના મૃતદેહને શુક્રવારે સવારે ઘટના સ્થળેથી કબ્જો લેવામાં આવ્યો હતો. અગાઉ ગુરૂવારે રાત્રે લગભગ ૯ વાગે સેનાની ૨૨ આરઆર, ૯૨ બટાલિયન સીઆરપીએફ અને એસઓજીની ટૂકડીઓએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. તે દરમિયાન સુરક્ષા જવાનો પર આતંકીઓએ ફાયરિંગ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ફાયરિંગ રાત્રે ૧૧ વાગ્યાથી શરૂ થયું હતું. જ્યારે સુરક્ષા જવાનોની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું ત્યારે આતંકીઓએ સામે છેડેથી ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ગોળીબારી દરમિયાન બે આતંકવાદીઓ ઠાર મરાયા છે. માર્યા ગયેલા આતંકીઓની ઓળખ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, અગાઉ ૨૭ ફેબ્રુઆરીએ સુરક્ષા જવાનોએ દક્ષિણ કાશ્મીરના શોપિયા જિલ્લાના મામંડરમાં જૈશના બે આતંકીઓને ઠાર માર્યા હતા. પુલવામા હુમલા બાદ ઘાટીમાં સુરક્ષા જવાનોનું આતંકીઓ વિરૂદ્ધ અભિયાન ચાલુ છે.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.

કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.

પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com



MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો

ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market



RV-04

- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X

For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

હળવદના ભકિતનગર (નવા ઈશનપુર) સીધનાથ મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ



ભકિતનગર (નવા ઈશનપુર) ગામ સમસ્ત દ્વારા શિવ મહાપુરાણ સપ્તાહ પારાયણનું ભવ્યાતિભવ્ય આયોજન

છોટા કાશી તરીકે ગણાતી હળવદ નગરી અને તાલુકાની ધરતી ઉપર મહાદેવજીની કૃપા વરસી છે. એક તરફ મહાશિવરાત્રીનો પર્વ નજીકમાં છે ત્યારે લોકો શિવમય બની ચુકયા છે. આવા ટાણે જ હળવદ નજીક આવેલા નવા ઈશનપુર ગામ ખાતે સિધ્ધનાથ મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા નિમિતે યોજાયેલી શિવ મહાપુરાણ કથામાં ભાવીકોનો ઘોડાપુર ઉમટી પડયું છે. કથાના વકતા પ.પૂ. હંસદેવગિરિ ગોસ્વામી બાપુએ પોતાની કથામાં દિકરી અને માતા પ્રત્યેની ઉંડી સમજ આપી છે અને બન્નેના સબંધોની વિસ્તૃત ચર્ચા કરી હતી. અત્રે યોજાયેલી સંગીતમય કથામાં લોકો શિવના ગુણ ગાઈ ભાવવિભોર બની ગયા હતા.

હળવદમાં પાવનકારી પ્રસંગો બારેમાસ અવિરત હોય છે તે ઉપરાંત તાલુકાના નવા ઈશનપુર ગામે તા.૨૬થી શરૂ થયેલ શ્રી સિધ્ધનાથ મહાદેવ નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન ભકિતનગર (નવા ઈશનપુર) ગામ સમસ્ત દ્વારા કરવામાં આવ્યું છે. સાત દિવસ ચાલનારી આ પાવનકારી કથાનો પ્રારંભ તા.૨૬થી કરવામાં આવ્યો છે જયારે કથાની પૂર્ણાહુતિ તા.૪ના થશે. ભકિતનગર (નવા ઈશનપુર) ગામે નિર્માણ પામેલ સિધ્ધનાથ મહાદેવના નૂતન મંદિરે શિવ મહાપુરાણમાં આજે વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. તો સાથો સાથ શિવ મહાપુરાણ સપ્તાહ પારાયણ તથા ત્રિદિવસીય ૩૧ કુંડિય હવનનું આયોજન કરાયું છે. આ શિવ કથાના વ્યાસ સ્થાને શ્રી હંસદેવગિરિ બાપુ ગોસ્વામી બિરાજીને શિવ મહાપુરાણનું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે કાલુપુર શ્રી નરનારાયણદેવ ગાદિ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, રાજ સીતાપુર લાલજી મહારાજની જગ્યાના ગાદિપતિ પ.પૂ.૧૦૮ શ્રી અંબારામદાસજી મહારાજ, દુર્ગાદાસજી બાપુ પધારી દર્શન આર્શીવાદ પાઠવશે તેમજ ધામોધામથી આ કથામાં સંતો - મહંતો ખાસ પધાર્યા હતા અને ભાવિક ભકતોને આર્શિવચન પાઠવ્યા હતા. આ કથા પ્રસંગે ભાવિક ભકતો બહોળી સંખ્યામાં ઉમટી પડયા હતા. ઉપરાંત આ કથામાં પ.પૂ.શાસ્ત્રી ભકિતનંદન દાસજી સ્વામી દ્વારા સભા સંચાલન કરવામાં આવ્યું હતું. તો સાથે જ સંતો - મહંતો દ્વારા સવારે શાકનો વગાર કરી શાકોત્સવના મહાપ્રસાદનું આયોજન કર્યું હતું જેમાં બહોળી સંખ્યામાં ભાવિક ભકતોએ લાભ લીધો હતો.

હનીટ્રેપ મામલે હળવદ પોલીસકર્મી સહિત ચાર આરોપીના રિમાન્ડ પૂર્ણ થતા જેલહવાલે કરાયા

મોરબીના ઝીકીયારી ગામના કાકા-ભત્રીજા સહીત ત્રણને હનીટ્રેપમાં ફસાવી દોઢ લાખની માંગણી કરવા મામલે થયેલી ફરિયાદ બાદ પોલીસે પાંચ આરોપીને ઝડપી લીધા હતા જેમાં ચાર આરોપીના રિમાન્ડ પૂર્ણ થતા આજે જેલહવાલે કરવામાં આવ્યા છે

મોરબીના ઝીકીયારી ગામે ત્રણ યુવાનોને લલનાના મોહજાળમાં ફસાવી તેના કપડા ઉતરાવી મોબાઈલમાં વિડીયો બનાવી બાદમાં દોઢ લાખ ના આપે તો વિડીયો વાયરલ કરી દેવાની તેમજ બળાત્કાર કેસમાં ફીટ કરવાની ધમકી આપી ૪૦૦૦ રૂપિયાની લૂંટ કરી માર મારવામાં આવ્યો હતો જે મામલે ભોગ બનનારે કરેલી ફરિયાદ બાદ કેસની તપાસ ઈન્ચાર્જ સીપીઆઈ આર જે ચૌધરીની ટીમ દ્વારા ચલાવવામાં આવી રહી હોય જેમાં હનીટ્રેપના આરોપી મુકેશ ભગવાનજી સીણોજીયા (ઉ.વ.૪૬) રહે દેવીપુર તા. હળવદ, મુઝ્ઝફર ઈકબાલ લોલાડીયા ઘાંચી (ઉ.વ.૨૮) રહે હળવદ, એજાજ હનીફ કગથળા ઘાંચી (ઉ.વ.૨૫) રહે હળવદ, હળવદ પોલીસ કર્મચારી દિવ્યરાજસિંહ રઘુવીરસિંહ ઝાલા (ઉ.વ.૨૭) અને વસંતબેન જગદીશભાઈ ચાવડા (ઉ.વ.૩૦) રહે ચરાડવા હળવદ એમ પણ આરોપીને ઝડપી લઈને બનાવમાં લૂંટમાં ગયેલ ૪૦૦૦ રૂપિયા તેમજ ગુન્હામાં વપરાયેલ એસન્ટ કાર નં જીજે ૦૩ સી ૪૬૩૩ કબજે લીધી હતી અને કોર્ટમાં રજુ કરતા મહિલા સિવાયના ચાર આરોપીના ગુરુવાર સુધીના રિમાન્ડ પર સોપવામાં આવ્યા હતા જે રિમાન્ડ પૂર્ણ થતા આજે કોર્ટમાં રજુ કરી જેલહવાલે કરાયા છે તો મહિલા આરોપીને અગાઉ જેલહવાલે કરવામાં આવી છે.

ટીબી રોગ નિર્મુલન કરવા ધોળકા તાલુકાનાં ખાનગી તબીબો માટે આરોગ્ય વિભાગ ધ્વારા સી.એમ.ઈ.નું આયોજન કરવામાં આવ્યું





વિરમગામ
વંદના નીલકંઠ વાસુકિયા

રીવાઈઝડ નેશનલ ટીબી કાર્યક્રમ અંતર્ગત જીલ્લા ક્ષય કેન્દ્ર અમદાવાદ ગ્રામ્ય ધોળકા તાલુકા ખાનગી તબીબો માટે ટીબી રોગ વિશે માહિતી અને નવીન અપડેટ આપવા માટે સેમીનારનું આયોજન ડૉ. દિક્ષિત કાપડીયા, જીલ્લા ક્ષય અધિકારી અમદાવાદની અધ્યક્ષતામાં અને ડૉ. મુનિરા વોહા તાલુકા હેલ્થ ઓફીસરની ઉપસ્થિતીમાં કરવામાં આવેલ હતુ. આ સીએમઈમાં ધોળકા મેડીકલ એસોસીએશનના પ્રમુખ ડૉ. મહેશભાઈ ઠક્કર,તેઓના સંલગ્ન તમામ ડોક્ટરો સાથે ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે જીલ્લા ક્ષય કેન્દ્ર અમદાવાદ ગ્રામ્ય,ધોળકા તાલુકાનો તમામ હેલ્થ સ્ટાફ તેમજ અન્ય ખાનગી તબીબો વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

ડૉ. દિક્ષિત કાપડીયા, જીલ્લા ક્ષય અધિકારી અમદાવાદએ ઉપસ્થિત તમામ ને ટીબી કાર્યક્રમ અંતર્ગત ૯૯ ડોટ્સ, નિક્ષય પોષણ યોજના તેમજ જીન એક્ષપર્ટ સીબીનાટ ટેસ્ટ ફેસીલીટીની માહીતીથી અવગત કરેલ તેમજ તમામ ખાનગી તબીબોને ટીબીના તમામ દર્દીઓ નોટીફાઈ કરાવવા આહવાન કરેલ હતુ. ધોળકા મેડીકલ એસોસીએશનના પ્રમુખ ડૉ. મહેશભાઈ ઠક્કર જણાવ્યું હતું કે અમારી પાસે આવતા દર્દીઓને અમે પુર્ણ સારવાર આપીએ છીએ તેમજ ટીબી રોગને નાબુદ કરવા માટે સરકારની સાથે સંલગ્ન રહી કામ કરશે અને તમામ ટીબીના દર્દીઓ નોટીફાઈ કરાવવા ખાનગી તબીબોને જાણ કરેલ છે.

સૌની યોજના હેઠળ સુખભાદર ડેમ(ભડલા ડેમ) ભરવાનુ ચાલુ થતા

રાણપુર શહેરના લોકોને ચાલુ વર્ષે પીવાના પાણી માટે વલખા નહી મારવા પડે નર્મદાના નીરથી સુખભાદર ડેમ ભરવામાં આવ્યો



૨૦૦ થી ૨૫૦ એમ.સી.એફ.ટી.પાણી ભરાશે ઉનાળો આશાનીથી નિકળી જશે

સમગ્ર ગુજરાત ના અનેક વિસ્તારો માં ચાલુ વર્ષે સાવ ઓછો વરસાદ થતા ઉનાળા માં પીવાના પાણી ની સમસ્યા વિકટ બને તેમ છે ત્યારે બોટાદ જીલ્લાના રાણપુર શહેરની વસ્તી ૨૩૦૦૦ હજાર આસપાસ છે ગયા વર્ષે ઉનાળામાં રાણપુર માં ૧૨ દિવસે પીવાનુ પાણી આપવામાં આવતુ જેના લીધે હોબાળો મચી ગયો હતો.જયારે ચાલુ વર્ષે રાણપુર પંથકમાં બીલકુલ વરસાદ થયો જ નથી અને ભર શિયાળે રાણપુરના લોકોને ૮ દિવસે પીવાનુ પાણી આપવામાં આવે છે ત્યારે રાણપુર શહેરના લોકોના મોઢે એક જ ચર્ચા છે કે આ વર્ષે ઉનાળામાં પીવાના પાણીની પરીસ્થીતી રાણપુરની કેવી હશે અને રાણપુરની હાલત કેવી હશે તેને લઈને રાણપુર શહેરના લોકોને ચિંન્તા હતી.રાણપુરના સરપંચ અબ્બાસભાઈ ખલાણી તથા ગ્રામ પંચાયતના સભ્યો તથા બોટાદ જીલ્લા પંચાયતના વિપક્ષ ના નેતા કનકબેન સાપરા રાણપુરના સામાજીક કાર્યકર વિપુલભાઈ લુહાર સહીત અનેક વરિષ્ટ આગેવાનો દ્વારા પીવાના પાણીના પ્રશ્ને ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરી રાણપુર ને પીવાનુ પાણી પુરૂ પાડતો સુખભાદર ડેમ તાત્કાલિક ભરવા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સહીત બોટાદ કલેક્ટર,બરવાળા પાણી પુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જે.પી.ચુડાસમા ને રજુઆત કરવામાં આવતા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પાણી ના પ્રશ્નનો નિકાલ લાવવા યુધ્ધના ધોરણે તાત્કાલિક સુખભાદર ડેમ ભરવાની મંજુરી આપતા તા-૨૬.૨.૨૦૧૯ ના રોજ સુખભાદર ડેમ ભરવાની શરૂઆત કરવામાં આવી છે.જ્યારે આ વાતની જાણ રાણપુરના લોકો ને થતા લોકોને હાશકારો થયો છે જ્યારે સુખભાદર ડેમ માંથી પાણી નિયમીત આવશે પણ રાણપુરના લોકોને કેટલા દિવસે પાણી મળશે એ જોવુ રહ્યુ સુખભાદર ડેમ સૌની યોજના હેઠળ ભરવામાં આવ્યો છે ત્યારે રાણપુરના પત્રકાર અને સામાજીક કાર્યકર વિપુલભાઈ લુહાર દ્વારા બરવાળા પાણીપુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જે.પી.ચુડાસમા સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે સૌની યોજના હેઠળ સુખભાદર ડેમ ભરવામાં આવ્યો છે રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ અબ્બાસભાઈ ખલાણી ની પાણી પુરવઠા મંત્રી ને વારંવાર રજુઆત ને કારણે અંદાજે ૨૦૦ થી ૨૫૦ એમ.સી.એફ.ટી.સુધી સુખભાદર ડેમ(ભડલા ડેમ) માં પાણી ભરવામાં આવશે જેથી રાણપુર શહેર માં અને રાણપુર આજુબાજુ ના ગામડાઓમાં ઉનાળામાં પાણીની કોઈ જગ્યાએ તંગી નહી રહે આશાનીથી આખો ઉનાળો નિકળી જાય એટલુ પાણી સુખભાદર ડેમમાં આવી જશે સાથે તેમણે વધુમાં જણાવ્યુ કે ઉનાળા દરમ્યાન સુખભાદર ડેમથી ઉમરાળા સુધી નવી લાઈન નખાઈ જશે જેમાં પહેલા ફેજમાં ૪૧ કરોડ ના ખર્ચે નવી લાઈન નખાશે જેમાં ઉમરાળા થી રાણપુર ને મહીપરીએજ નુ પાણી પણ રાણપુર આપવામાં આવશે જેથી રાણપુર પંથકમાં પીવાના પાણી ની કોઈ સમસ્યા હવે નહી રહે જ્યારે રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ અબ્બાસભાઈ ખલાણી સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે રાણપુર ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણી બાબતે પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ને અને બોટાદ કલેક્ટર ને અનેક વાર રજુઆત કરવામાં આવી છે છેલ્લા કેટલાક સમયથી સરકાર પાસે અમારી માંગણી હતી કે રાણપુર શહેરમા પીવાના પાણી ની વિકટ સ્થિતી છે ઉનાળા માં પીવાનુ પાણી પુરતા પ્રમાણ માં મળી શકે તેમ નથી રાણપુર શહેર ને પીવાનુ પાણી પુરતુ મળી રહે તે માટે જીવાદોરી સમાન સુખભાદર ડેમ(ભડલા ડેમ)નર્મદાના પાણીથી તાત્કાલિક ભરવામાં આવે આ રજુઆત ને અને રાણપુરમાં ઉનાળામાં પાણીની સમસ્યા નો સર્જાય જેને લઈને ગુજરાત ના પાણીપુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા એ તાત્કાલિક સુખભાદર ડેમ(ભડલા ડેમ)ભરવાના આદેશ કર્યા છે અને સુખભાદર ડેમને સૌની યોજના અંતર્ગત નર્મદા ના નીર થી ભરવામાં આવ્યો તે બદલ રાણપુર ગ્રામ પંચાયત વતી ગુજરાત સરકાર નો અને મંત્રી કુંવરજીભાઈ બાવળીયા નો તથા બોટાદ કલેક્ટર, બરવાળા પાણીપુરવઠા વિભાગ સહીત તમામનો આભાર માનુ છુ.

૯૦ કિ.મી. દુર પરિક્ષા સેન્ટર મળતા વિદ્યાર્થીઓનો દેકારો

ભાવનગર

ભાવનગર શહેરનાં કાળીયાબીડમાં આવેલી વિદ્યાધીશ સ્કૂલનાં ધો.૧૨ બોર્ડનાં ૨૧ પરિક્ષાર્થીઓને છેક બગદાણા પરીક્ષા કેન્દ્ર ફાળવાતા દેકારો બોલી ગયો છે. બગદાણા ભાવનગરથી ૯૦ કિલોમીટર દૂર આવેલું છે. ત્યારે બોર્ડના પરિક્ષાર્થીઓએ દરરોજ ત્યાં સુધી લાંબા થવાનું? તેવો પ્રશ્ન ઉદ્દભવ્યો હતો. આ અંગે જાણવા મળ્યા મુજબ કાળીયાબીડની ખાનગી સ્કૂલ વિદ્યાધીશ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરીનાં ધો.૧૨ કોમર્સ ઈંગ્લીશ મીડીયમમાં અભ્યાસ કરતા ૨૧ વિધાર્થીઓને પરીક્ષા કેન્દ્ર ભાવનગરને બદલે બગદાણા લખાઈને આવતા દેકારો મચી ગયો હતો.

આવતી ૭ માર્ચે બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા શરૂ થવાની છે. ત્યારે શહેરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલી વિદ્યાધીશ વિદ્યાસંકુલ શાળામાં ધોરણ-૧૨ સામાન્ય સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં ૨૧ વિદ્યાર્થીઓના બેઠક ક્રમાંક નંબર ભાવનગરની કોઈ શાળામાં આપવાને બદલે છેક ૯૦ કિલોમીટર દૂર બગદાણાની શાળામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતાતુર થઈ ગયા હતા.

ડીઈઓ કચેરીમાં શાળા અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ રજૂઆત કર્યા બાદ ડીઈઓ એ.બી.પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આ સમગ્ર બાબતે ગુજરાત બોર્ડમાં વાતચીત કરી હકીકતની જાણકારી આપ્યા બાદ કહી શકાશે કે, હવે બગદાણા સુધી આ ૨૧ વિદ્યાર્થીઓને જવું પડશે નહીં. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ શાળા દ્વારા ઈન્ડેક્ષ ૧૨.૧૯૯ નબરનાં બદલે ખોટો નખાતા કોમ્પુટરએ ખોટો નંબર નહિ સ્વીકારી અને ઈન્ડેક્ષ ૧૨.૧૪૪ સ્વીકારતા જે બગદાણા ખાતેનાં સેન્ટરનો હોય જેના લીધે ૨૧ વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો હોવાનું જણાવવામાં આવ્યું હતું.

ખનીજ ચોરીના કેસમાં કોંગ્રેસ ધારાસભ્ય બારડને બે વર્ષ નવ માસની સજા

વેરાવળ

તાલાળાના કોંગ્રેસના ધારાસભ્ય ભગવાન બારડને ૧૯૯૫ના ખનીજ ચોરીના કેસમાં સુત્રાપાડા કોર્ટે બે વર્ષ ૯ માસની સજા ફટકારી છે. સુત્રાપાડાની ગૌચર જમીનના મામલે ૨૫ વર્ષ પૂર્વે બારડ સામે ૨.૮૩ કરોડની ખનીજ ચોરીનો ગુનો નોંધાયો હતો. કોંગ્રેસના ધારાસભ્યને કોર્ટે સજા ફટકારતા ગીર સોમનાથ પંથકમાં ચકચાર પ્રસરી છે. હાલ તાલાળાના કોંગ્રેસના ધારાસભ્ય ભગવાન બારડે વર્ષ ૧૯૯૫માં સુત્રાપાડાની સરકારી ગોચર જમીન માંથી ૨.૮૩ કરોડની ખનીજ ચોરી કરી હતી ત્યારે આ આરોપ મામલે ઘણા સમયથી સુત્રાપાડા કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. શુક્રવારે સુત્રાપાડા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફાર્સ્ટ કોર્ટે ચુકાદો આપ્યો છે. જેમાં તાલાળાના કોંગ્રેસના ધારાસભ્ય ભગવાન બારડને ગૌચર જમીન માંથી ખનીજ ચોરી માટે કસુરવાર ઠેરવ્યા છે અને કોર્ટે આ ધારાસભ્યને ૨ વર્ષ ૯ મહિનાની સજા ફટકારી છે. આ ઉપરાંત ૨૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આનંદો...૧૪૦૫ કરોડના ખર્ચે બનનારા હિરાસર એરપોર્ટને મંજૂરી મળી

રાજકોટ

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. કેંદ્રીય કેબિનેટની બેઠખમાં જમ્મુ-કાશ્મીરને લઈને બે મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે. નાણા મંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું કે મોદી કેબિનેટે જમ્મુ કાશ્મીરમાં બીલ-૨૦૦૪માં સંશોધનને મંજૂરી આપી દિધી છે. જેટલીએ જણાવ્યું કે આ સંશોધન બાદ અંતરરાષ્ટ્રીય સરહદ પર રહેતા લોકોને અનામત મળશે. આ સાથે રાજકોટમાં એરપોર્ટ નિર્માણ સહિત અન્ય કેટલીક મહત્વની યોજનાઓ પર મંજૂરી કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી.

અરુણ જેટલીએ કહ્યું કે, કેબિનેટે ગુજરાતના રાજકોટમા હિરાસર સ્થિત નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણને મંજૂરી આપી દેવામાં આવી છે. જેના નિર્માણમાં ૧૪૦૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ સાથે કેબિનેટમાં કાનપુર મેટ્રો પ્રોજેક્ટ અને આગ્રા મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજૂરી આપી દેવામાં આવી છે.

યાત્રીઓની અવર-જવર ઝડપી બને અને જરૂર પડ્યે ટ્રાફિકના

ભારતના વિદેશપ્રધાને ઓઆઈસીની બેઠકમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો

આતંકવાદથી દુનિયા સંકટમાં, અમારી લડાઈ ધર્મ વિરૂદ્ધની નથીઃ સુષ્મા સ્વરાજ

ભારતમાં બહુ ઓછા મુસ્લિમો ઝેરીલા દુષ્પ્રચારથી પ્રભાવિત થાય છે.આતંકવાદ લાખો જિંદગી ભરખી ગયું, વિશ્વમાં વિનાશ વેર્યો,આંતકવાદ સામે લડવા માટે ઈસ્લામિક દેશોએ જે પહેલ કરી છે તે સરાહનીય છે

આબુધાબી

ગેસ્ટ ઓફ ઓનર તરીકે ભારતનાં વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન (OIC)ની બેઠકમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. OICના સંબોધનમાં સુષ્માએ કહ્યું કે, આતંકવાદ લાખો જિંદગીઓને ભરખી રહ્યું છે અને સમગ્ર વિશ્વમાં વિનાશ વેરી રહ્યો છે. આતંકવાદ સામેની લડાઈ કોઈ ધર્મ સામે નથી.



સુષ્માએ તેમના સંબોધનમાં ઋગવેદનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ભગવાન એક છે અને તમામ ધર્મોનો અર્થ શાંતિ છે. વિશ્વ આજે આતંકવાદ સામે ઝઝૂમી રહ્યું છે, અને આતંકી સંગઠનોના ટેરર ફંડિંગ પર પ્રતિબંધ લાદવો જોઈએ. સુષ્માએ કોઈ પણ દેશનું નામ લીધા વગર પાકિસ્તાન પ્રેરિત આતંકવાદનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેની સામે ભારત ઘણા લાંબા સમયથી ઝઝૂમી રહ્યું છે.

સુષ્માએ કહ્યું કે, અમે આતંકવાદનું ભયાનક રૂપ જોયું છે, ભારત આતંકવાદ સામે ઝઝૂમી રહ્યું છે. આતંકવાદનો વિસ્તાર વધી રહ્યો છે. આજે આતંકવાદ અને અતિવાદ એક નવા સ્તર પર છે. આતંકવાદને રક્ષણ અને આશ્રય આપવા પર પ્રતિબંધ લાદવો જોઈએ.

આતંકવાદ સામેની લડાઈ કોઈ ધર્મ સામેની લડાઈ નથી, ધર્મને શાંતિનો પર્યાય ગણાવતા સુષ્માએ કહ્યું કે, જે રીતે ઈસ્લામનો અર્થ શાંતિ છે, અલ્લાહના ૯૯ નામો માંથી કોઈ પણ નામનો અર્થ હિંસા નથી થતો, તેવી જ રીતે દરેક ધર્મ શાંતિ માટે છે.

ભારતની ગૌરવશાળી સંસ્કૃતિનો હવાલો આપતા સુષ્માએ કહ્યું કે, ભારત માટે વિવિધતાનો સ્વીકાર કરવો હમેંશાથી સરળ રહ્યું છે, કારણ કે, આ સંસ્કૃતિ સૌથી જૂના ધાર્મિક ગ્રેથ ઋગવેદમાં પણ છે, અને હું તેમાંથી એક ઉદાહરણ લઈ રહી છું. 'એકમ સત વિપ્ર બહુધા વધંતી' એટલે કે, ભગવાન એક જ છે પરંતુ વિદ્વાન લોકો જૂદી જૂદી રીતે તેનું વર્ણન કરે છે.

ભારતની ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ભારતમાં દરેક ધર્મ અને સંસ્કૃતિનું સમ્માન થાય છે. એજ કારણે ભારત ખુબજ ઓછા મુસ્લિમ ઝેરીલા પ્રોપોગેન્ડાથી પ્રભાવિત થયો છે. ઉલ્લેખનીય છે કે, ઓ.આઈ.સીએ ભારતને આ સમિટમાં આમંત્રણ આપતા પાકિસ્તાને જોરદાર વિરોધ કર્યો અને ઈસ્લામિક દેશોની આ સમિટમાં ભાગ ન લીધો. પણ પાકિસ્તાનના વિરોધ વચ્ચે પણ ઈસ્લામિક સહકાર સંગઠન (ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન)ના દેશોના વિદેશ પ્રધાનોની બેઠકમાં સુષ્મા સ્વરાજનું જોરદાર સ્વાગત થયું હતું.

ભાજપ બીજી સર્જિકલ સ્ટ્રાઈકનો રાજકીય લાભ લે છેઃ વિરોધ પક્ષો

પટના

ભારતીય જનતા પક્ષ (ભાજપ) બીજી સર્જિકલ સ્ટ્રાઈક બાદ પાકિસ્તાન સાથે વધેલા તણાવનો રાજકીય લાભ લઈ રહ્યો હોવાનો આક્ષેપ આરજેડી સહિત બિહારના અન્ય વિરોધ પક્ષોએ કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આવા તણાવભર્યા વાતવારણમાં પોતાના પક્ષના બૂથ લેવલના કાર્યકર્તા સાથે યોજેલા સંવાદો પર નારાજગી વ્યક્ત કરી હતી.

આ સિવાય, બાલાકોટ પર થયેલી સર્જિકલ સ્ટ્રાઈક પક્ષને કર્ણાટકમાં લોકસભાની ચૂંટણી જીતવામાં મદદ કરશેવાળા ભાજપના નેતા બી. એસ. યેદીયૂરપ્પાએ કરેલા વિધાન માટે વિરોધ દર્શાવ્યો હતો. રાજ્યના પ્રસ્તાવિત મહાગઠબંધનના નેતાઓએ આપણો એક પાઈલટ પાકિસ્તાનના કબજામાં છે ત્યારે આવા સમયે ૦૩ માર્ચે બિહારની રાજધાની પટનામાં એનડીએ દ્વારા યોજેલી રેલી વિશે સવાલ કર્યો હતો.

આગામી લોકસભાની ચૂંટણી માટેના પ્રચારની શરૂઆત પટનાથી કરવામાં આવશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્ય પ્રધાન નીતિશકુમાર અને કેન્દ્રીય પ્રધાન રામવિલાસ પાસવાન રવિવારે સભાને સંબોધશે. બિહારમાં લોકસભાની મહત્ત્વની ૪૦ બેઠક છે. રાજ્યસભાના આરજેડીના સાંસદ મનોજ જહાનાજણાવ્યા અનુસાર અત્યારની ગંભીર પરિસ્થિતિમાં ચૂંટણી સભા યોજવાના ભાજપના નેતાઓના નિર્ણયનો અર્થ એ જ થાય છે કે તેઓ આ સ્થિતિનો લાભ લોકસભાની ચૂંટણી વખતે લેવા માગે છે.

એમણે દાખલો આપતા જણાવ્યું હતું કે હાલની સ્થિતિને ધ્યાનમાં લઈને તેજસ્વી યાદવે પોતાની જહાનાબાદની સભા રદ કરી હતી. જ્યારે રાષ્ટ્રીય સુરક્ષાનો સવાલ હોય ત્યારે રાજકીય ચિંતા છોડી દેવી જોઈએ. હું વડા પ્રધાન અને અન્ય નેતાઓને ૩જી ફેબ્રુઆરીની સભા રદ કરવાની અપીલ કરું છું.

ઈવીએમને આપણે ફૂટબોલ બનાવી દીધો છે

યોગ્ય સમયે જ લોકસભાની ચૂંટણી યોજાશેઃ ચૂંટણી પંચ

ન્યુ દિલ્હી

ભારત પાકિસ્તાનની સરહદ પર જોરદાર તણાવની સ્થિતિ વચ્ચે મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનિલ અરોરાએ સ્પષ્ટ જણાવી દીધું છે કે, લોકસભા ચૂંટણી સમય પર જ યોજાશે. ચૂંટણી પંચ સંપૂર્ણ રીતે તૈયાર છે. ચૂંટણી પંચ વહેલી તકે લોકસભા ચૂંટણીની તારીખ જાહેર કરશે. ઈવીએમ અંગે પ્રશ્ન પૂછતા તેમણે જણાવ્યું હતું કે, ઈવીએમને આપણે ફુટબોલ બનાવી દીધો છે.

સુનિલ અરોરાએ જણાવ્યું હતું કે, ઈવીએમને આપણે સમગ્ર દેશનો ફુટબોલ બનાવી દીધો છે. જો પરિણામ અનુકુળ આવે તો ઈવીએમ ઠીક છે જો પરિણામ પ્રતિકુળ આવે તો ઈવીએમ ખરાબ છે. તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે ફોર્મ ૨૬માં શપથપત્રના પ્રારૂપમાં ફેરફાર કર્યા છે. હવે ઉમેદવાર પતિ/પત્ની/બાળકો/આશ્રિતોની ૫ વર્ષની આવકની વિગતો આપશે. આમાં દેશની સાથે વિદેશી સંપત્તિઓની વિગતનો પણ સામાવેશ કરવામાં આવશે. પાન નંબરની સાથે આ તમામ જાણકારી આપવી પડશે.

સુનિલ અરોરાએ જણાવ્યું હતું કે, આ વખતે ચૂંટણીમાં સી વિજિલ એપ લોન્ચ કરવામાં આવશે. આને પાયલટ પ્રોજેક્ટ તરીકે કર્ણાટકમાં લોન્ચ કરવામાં આવ્યું હતું જ્યાં નોગરિકો તરફથી અમને ૨૮ હજાર ફરિયાદ પ્રાપ્ત થઈ હતી. તેમણે જણાવ્યુ હતું કે, આ એપ મારફતે ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદ કરી શકશે. ફરિયાદ કર્યાના ૧૦૦ મિનિટની અંદર અધિકારીએ જવાબ આપવાનો રહેશે કે તેમણે શું કાર્યવાહી કરી છે.

પકડાયેલા જૈશ-એ-મોહમ્મદના આતંકીઓએ પૂછપરછમાં ખુલાસો કર્યો

દિલ્હીમાં આતંકી હુમલાને લઈ એલર્ટ જાહેરઃ ૨૯ સ્થળોને આતંકીઓ નિશાન બનાવે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

ભારતીય સુરક્ષા એજન્સીએ એલર્ટ જાહેર કરીને જણાવ્યું છે કે ભારતમાં આતંકી સંગઠન મોટો હુમલો કરવાની ફિરાકમાં છે. આ એલર્ટમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાન ટેરર ગ્રુપ હવે જમ્મુ-કાશ્મીર ઉપરાંત દેશના મહત્વપૂર્ણ સ્થાનો પર હુમલો કરી શકે છે. જૈશ-એ-મોહમ્મદ અને બાકી પકડી પાડવામાં આવેલા આતંકીઓ સાથે પુછપરછમાં આ વાતનો ખુલાસો થયો છે.

એલર્ટમાં જણાવવામાં આવ્યું છે કે દેશના નામી અને મોટા નેતા, રેલવે લાઈન, તેલના ડેપો, રાઈટ વિંગ સાથે જોડાયેલા લોકો આતંકીઓના નિશાના પર છે. તેની સાથે જ જણાવવામાં આવ્યું છે કે આર્મી અને પોલીસના એ રિટાયર્ડ ઓફિસર જેમણે આતંકવાદ અથવા તો ખાલિસ્તાન મુવમેન્ટ વખતે આતંકીઓની ધરપકડ કરી હતી તે પણ આતંકવાદીઓના નિશાના પર છે. એલર્ટમાં દરેક રાજ્ય પોલીસને નિર્દેશ આપવામાં આવ્યો છે કે જુના આતંકી કેસોમાં સંલિપ્ત જૈશ, લશ્કર, ઈન્ડિયન મુઝાહિદ્દીન અને આ પ્રકારના આતંકી સંગઠન જેવા સિમીના પકડેલા આતંકીઓ પર પણ નજર રાખવામાં આવે.

એલર્ટમાં જણાવવામાં આવી રહ્યું છે કે દિલ્હીના ૨૯ મહત્વપૂર્ણ સ્થળોને આતંકવાદીઓ નિશાનો બનાવી શકે છે. તેમાં ઈન્ડિયા ગેટ, સેના ભવન, રાષ્ટ્રપતિ ભવન, સંસદ ભવન, સુપ્રીમ કોર્ટ, સરોજની નગર બજાર, ચાંદની ચોક, પાલિકા બજાર, લોટલ ટેમ્પલ, લાલ કિલ્લો, દિલ્હી એરપોર્ટનું પાર્કિંગ એરિયા, દિલ્હી રેલવે સ્ટેશન, દિલ્હી વિશ્વવિદ્યાલય, એમ્સ, મોલ, સિનેમા હોલ, ડિફેન્સ કોલેજ, અક્ષરધામ મંદિર, ત્યાં સુધી કે દિલ્હી મેટ્રો પણ આતંકવાદી સંગઠનના નિશાના પર છે. સાથે જ એલર્ટમાં જણાવવામાં આવ્યું છે કે અમુક દુતાવાસ જેવાકે ઈઝરાયલ, યુએસ અને યુકે પર પણ હુમલો થઈ શકે છે.

બીએસએફએ યુવક પાસેથી મોબાઈલ જપ્ત કર્યો

પંજાબના ફિરોઝપુરથી પાકિસ્તાની જાસૂસ ઝડપાયો

ચંડીગઢ

એક તરફ ભારત-પાક વચ્ચે ૧૪મી ફેબ્રુઆરીએ થયેલા પુલવામા હુમલા પછી તણાવ ચરમસીમાએ છે. તેવા સમયે પંજાબનાં ફિરોજપુર ખાતેથી શુક્રવારે એક પાકિસ્તાની જાસૂસ ઝડપાયો છે. બોર્ડર સિક્યોરીટી ફોર્સ (BSF)એ તેને ઝડપી પાડી તેની પાસે રહેલો એક મોબાઈલ ફોન જમ્મ કર્યો હતો.

પંજાબનાં ફિરોઝપુરમાં શુક્રવારે પાકિસ્તાન માટે કામ કરી રહેલા જાસૂસની ધરપકડ કરાઈ છે. બોર્ડર સિક્યોરીટી ફોર્સ (BSF)એ તેની પાસેથી પાકિસ્તાની સીમ સહિત એક ફોન પણ મળી આવ્યો છે. સૂત્રો પ્રમાણે પકડાયેલો જાસૂસ પાકિસ્તાનનાં ૬ સંદિગ્ધ વોટ્સએપ ગ્રુપમાં સામેલ હતો.

પાકિસ્તાની જાસૂસની ઓળખાણ ૨૧ વર્ષીય મોહમ્મદ શાહરુખ તરીકે થઈ છે. જેને સરહદની બહારની પોસ્ટ પરથી સંદિગ્ધ પરિસ્થિતીઓમાં પકડવામાં આવ્યો છે. આરોપી જાસૂસ પોતાને ચાદરમાં લપેટીને તસવીરો ક્લિક કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે કે તે ઉત્તરપ્રદેશનાં મુરાદાબાદનો રહેવાસી છે. તેની પાસેથી પાકિસ્તાનનાં વધુ ૬ નંબરો મળી આવ્યા હતા.

આધારને બેંક ખાતા અને સીમ સાથે લીંક કરવાનો વટહુકમ કેન્દ્રીય કેબીનેટમાં મંજુર

ન્યુ દિલ્હી

કેન્દ્રીય કેબિનેટે બેંક એકાઉન્ટ ખોલવા અને સિમ કાર્ડ ખરીદવા માટે આધારના સ્વૈચ્છિક ઉપયોગની પરવાનગી માટેના અધિનિયમને મંજૂરી આપી દીધી છે. અધિનિયમે સંસદમાં બિલ તરીકે રજૂ કરવામાં આવ્યું હતુ. ૪ જાન્યુઆરીએ લોકસભામાં તેને પાસ કરવામાં આવ્યું હતું. પરંતુ રાજ્ય સભામાં વિલંબ થવાના કારણે ૧૬મી લોસસભાના વિઘટન સાથે જ તે સમાપ્ત થઈ જશે. હવે અધિનિયમ દ્વારા આધાર એક્ટરમાં ફેરફાર કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં થયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારોને જાણકારી આપતાં કેન્દ્રીય કાયદા તથા ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે મંત્રી મંડળે આધાર તથા અન્ય કાયદા બિલને પ્રભાવી કરવા માટે એક અધિનિયમને મંજૂરી આપી દીધી છે. બિલમાં આધારના ઉપયોગ અને પ્રાઈવસીના ઉલ્લંઘન માટે નિર્ધારિત માપદંડોના ઉલ્લંઘન માટે કઠોર દંડની જોગવાઈ કરી છે. આ જે વ્યક્તિઓએ સ્વેચ્છાએ પોતના આધાર કાર્ડનો ઉપયોગ કર્યોછે, સર્વિસ પ્રોવાઈડર્સ દ્વારા તેની બાયોમેટ્રિક વિગતો અને આધાર નંબર જમા કરાવા પર રોક લગાવે છે. રવિશંકર પ્રસાદે જણાવ્યું કે, ટેલિગ્રાફ એક્ટ અને પીએમએલએ નિયમો હેઠળ સ્વૈચ્છિક રૂપે આધારનો ઉપયોગ કરી શકાય છે. આધારનો ઉપયોગ કરનાર કોઈપણ એકમે પ્રાઈવસીના નિયમોનું પાલન કરવું પડશે.

લોકસભા ચૂંટણીમાં ભાજપ ફરી જીતશે અને રાહુલ ગાંધીને અમેઠીમાં હરાવીશું: યોગી આદિત્યનાથ

અમેઠી

ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ ફરી વખત બહુમતિથી ચૂંટણી જીતશે અને દેશમાં સત્તા પર આવશે એટલુ જ નહીં પણ અમેઠીમાં કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીને હરાવશે. સરકારે ઘણા હકારાત્મક કામ કર્યા છે અને તેના આધારે જીત મેળવશે. યોગી આદિત્યનાથે જણાવ્યું કે, અમારા કાર્યકરોની મહેનત અને કલ્યાણકારી યોજનાઓને કારણે ભાજપ ફરી વખત સત્તા પર આવશે. અમેઠીમાં પણ ભાજપ જીત હાંસલ કરશે અને ઈતિહાસ રચશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેઠી આવી રેલી કરવાનાં છે તેની તૈયારીનું નિરીક્ષણ કરવા માટે યોગી આદિત્યનાથ અમેઠી આવ્યા હતા.

તેમણે કહ્યું કે, મને એ ખુબ દુખ થાય છે કે, ૧૯૯૮માં ભાજપે અમેઠીની બેઠક જીતી હતી પણ તે પછી આ બેઠક પર જીત નથી મળી. મળે કઠોર પરિશ્રમથી આ બેઠક પર જીત મળી શકે છે અને તેના વિશે કોઈ શંકા નથી". રવિવારે નરેન્દ્ર મોદી અમેઠીમાં સભાને સંબોધવાનાં છે અને આ માટે યોદી આદિત્યનાથે કાર્યકરોને આદેશ આપ્યો છે કે તેમાં કોઈ કચાશ રહે નહીં. મોદી અમેઠીમાં વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે.

ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રીએ કહ્યું કે, આયુષ્યમાન ભારત અને પ્રધાનમંત્રી કિશાન સન્માન નિધી યોજનાઓએ અનેક લોકોનાં જીવન બદલ્યા છે.

ખુદ વિદેશપ્રધાને જ પાકિસ્તાનની પોલ ખોલી,આતંકી એટલો બીમાર છે કે ઘરની બહાર નથી નીકળી શકતો

આતંકી મસૂદ અઝહર પાકિસ્તાનમાં જ છેઃ પાક.વિદેશપ્રધાનની કબૂલાત

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વિદેશ પ્રધાન શાહ મહેમૂદ કુરૈશીએ કદાચ પહેલીવાર જાહેરમાં એકરાર કર્યો હતો કે રીઢો આતંકવાદી અને ભારતમાં એક કરતાં વધુ હુમલા કરાવનાર મસૂદ અઝહર પાકિસ્તાનમાં જ છે.

જો કે તેમણે એવો દાવો પણ કર્યો હતો કે મસૂદ ખૂબ બીમાર છે અને હાલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. એટલી હદે એની તબિયત ખરાબ છે કે ઘરની બહાર પણ નીકળી શકતો નથી.

એક ઈન્ટરવ્યૂમાં કુરૈશીને એવો સવાલ પૂછવામાં આવ્યો હતો કે બંને પાડોશી દેશો વચ્ચે આટલું બધું ટેન્શન સર્જનારા આ આતંકવાદીની તમે હજુ સુધી ધરપકડ કેમ કરી નથી

આ સવાલના જવાબમાં કુરૈશીએ કહ્યું કે અમને પુરાવાની જરૂર છે. કોર્ટમાં માત્ર વાતોથી કામ ચાલે નહીં. કોર્ટ તો પુરાવા માગે. ભારત અમને પૂરતા પુરાવા આપે તો અમે મસૂદને પકડીને કોર્ટમાં રજૂ કરી શકીએ. કોર્ટ એને પુરાવાના આધારે સજા કરી શકે.



વિંગ કમાન્ડર અભિનંદનને આવકારવા માટે સુરત શહેરના લોકો આતુર છે, પ્રસ્તુત તસવીરમાં નવયુગ કોલેજ ખાતે કોલેજીયન યુવતીઓ દ્વારા અભિનંદન વેલકમના બેનર સાથે નજરે પડે છે.

તંત્રી સ્થાનેથી...

ચૂંટણી ભેંટ અયોગ્ય

ભારતીય લોકશાહીમાં મતદારોને પ્રભાવિત કરવા માટે ભેંટ આપવા માટેની બાબત અને પરંપરા દેશમાં હવે જડ જમાવી ચુકી છે જેથી આ પરંપરાને દુર કરવાની બાબત કોઇ કિંમતે સરળ નથી. દરેક રાજકીય પક્ષ આ બાબત સાથે સહમત પણ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન પણ મતદારોને જુદી જુદી રીતે આકર્ષિત કરવામાં આવ્યા હતા. તેમને કેટલીક ભેંટ મળી હતી. રાજસ્થાનમાં એક કરોડ ૬૦ લાખ પરિવારોને મોબાઇલ, સીમ અને ડેટા આપવાની વાત કરવામાં આવી હતી જ્યારે છત્તિસગઢમાં ૫૦ લાખથી વધારે મોબાઇલ, સીમ અને ડેટા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ભારતીય લોકશાહીમાં આવી પરંપરા તમિળનાડુથી શરૂ કરવામાં આવી હતી. ત્યાં પહેલા મોબાઇલ, ટીવી, ડિનર સેટ, હૈદરાબાદી મોતીના સેટ આપવાની વાત કરવામાં આવી હતી. તેની ટિકા ચોક્કસપણે કરવામાં આવી હતી. જો કે તેને રાજકીય પડકારો ક્યારેય મળ્યા નથી જેથી સ્થિતી સુધરી નથી. મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો અવિરતપણે કરવામાં આવે છે. રાજકીય પક્ષો ચૂંટણી જીતી ગયા બાદ કેટલાક વચનો ભુલી જાય છે. કેટલાક વચનો પાળે છે. ચૂંટણી પહેલા પણ કેટલીક રણનિતી મતદારો પણ અપનાવે છે. કેટલીક જગ્યાએ લોકો પોતાની જ માંગ રજૂ કરી દે છે. દુનિયાના સૌથી શક્તિશાળી લોકશાહી દેશ માટે આ પ્રકારની બાબત યોગ્ય નથી. કેટલાક લોકશાહી દેશોમાં રાજકીય પાર્ટી આવુ કરે તો લોકો જ પ્રશ્ન ઉઠાવે છે. લોકો સવાલ કરે છે કે જનતાના પૈસાને વાપરી નાંખવા માટેના અધિકાર તમને કોણે આપ્યા છે. જનતાના નાણાંથી પૈસા મળે, શિક્ષણ મળે, ગરીબી દુર થાય તેવી માંગણી હમેંશા કરવામાં આવે છે. ધ્યાન રાખવા જેવી બાબત છે કે દુનિયાના દેશો લોકશાહી ગે ભારતથી જ બોધપાઠ મેળવી રહ્યા છે. આવી સ્થિતીમાં આ પ્રકારના વર્તન વિશ્વના દેશો સમક્ષ કોઇ સારા સંદેશ લઈને પહોંચશે નહી. રાજનીતમાં મફત ભેંટ યોગ્ય નથી. લોકસભા ચૂંટણી હવે નજીક આવી પહોંચી છે ત્યારે ફરી આવી પ્રક્રિયા શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. ચૂંટણી પંચ દ્વારા આ પ્રકારની પ્રથાને રોકવા માટે વિવિધ પહેલ કરવામાં આવે છે પરંતુ આ પ્રકારની ગતિવિધીને રોકવામાં સફળતા મળતી નથી. તમામ રાજકીય પક્ષો પોત પોતાની રીતે મતદારોને ખુબ કરવા માટે પ્રયાસ કરે છે. જેના ભાગરૂપે તમામ તૈયારી પણ રાખવામાં આવે છે. મતદારોને પ્રભાવિત કરવા માટે હવે જુદી જુદી નીતિ અપનાવવામાં આવે છે. લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત હવે કોઇ પણ સમય કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં ચૂંટણી પંચ લાખ આંખ કરીને આ પ્રથાને રોકવા માટે આગળ વધી શકે ચે. ચૂંટણી પહેલા જુદા જુદા પ્રકારની ભેંટ સોગાદો આપવી અને ત્યારબાદ ભેંટના વચનો લોકશાહી માટે યોગ્ય નથી. આ પ્રકારની ગતિવિધીમાં કોઇ એકબે પાર્ટી સામેલ રહેતી નથી બલ્કે તમામ પાર્ટી આ ગતિવિધીમાં સામેલ રહે છે.

ચૂંટણી પહેલા ભેંટ આપવી, જીત્યા બાદ ભેંટના વચનો લોકશાહી માટે યોગ્ય નથી

હોનારતનો સામનો કરવા આત્મનિર્ભરતા વિકસિત કરવાની જરૂર

વિદેશી સહાય પર નિતીની સમીક્ષા

કોઇ પણ શરતવગર કોઇ વિદેશી સહાય મળી રહી છે તો તેને સ્વીકાર કરીને લોકોને વહેલી તકે મદદ કરવામાં કોઇ વાંધો નથી

કોઇ પણ મોટી હોનારતના સમય જે રીતે મોટા પાયે બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં આવે છે ત્યારે કેટલીક બાબતો ઉભરીને સપાટી પર આવે છે. વિદેશી સહાયની મોટા પાયે જરૂર હોય છે. મોટી હોનારત વેળા દેશના જુદા જુદા ભાગોમાંથી રાહત અને સહાયતા મળવા લાગી જાય છે. એ વખતે વિદેશી સહાય પણ મળવાની શરૂઆત થાય છે. એવી જ રીતે આ પ્રયાસોની પ્રેરણાથી અથવા તો સ્વતંત્ર રીતે વિદેશી સરકારો પણ મદદ કરવાની શરૂઆત કરે છે. વિદેશી સરકારો પણ સહાય આપવા માટે સંપર્ક કરે છે. સહાયતા માટે પ્રસ્તાવ કરવામાં આવે છે. જે દેશોમાં ભારતીય મુળના લોકો વધારે પ્રમાણમાં રહે છે તે દેશો વધારે પ્રસ્તાવ કરે છે. કેરળમાં પુર બાદ સંયુક્ત અરબ અમિરાત દ્વારા સહાયની ઓફર કરવામાં આવ્યા બાદ દેશમાં વિવાદ થયો હતો. આને લઈને ભ્રમની સ્થિતી સર્જાઈ ગઇ હતી. સંયુક્ત અરબ અમિરાત તરફથી સહાય ન સ્વીકારવા માટેના હેવાલ પણ આવતા રહે છે. ચારેબાજુથી ટિકા ટિપ્પણી થયા બાદ ભારત સરકાર તરફથી કેટલાક ખુલાસા કરવામાં આવ્યા હતા. ભારત સરકારે સ્પષ્ટતા કરી હતી કે ભારતમાં હોનારતના સમય પર વિદેશી સહાય ન લેવાની પરંપરા રહી છે. સરકાર આ નિતિ હેઠળ નિર્ણય લઈને આગળ વધવા માટે ઇચ્છુક છે. જો કે વર્તમાન સમયમાં સ્થિતી બદલાઈ રહી છે હવે આ નિતી પર ફરી સમીક્ષા કરવાની જરૂર દેખાઈ રહી છે. વિદેશી સહાયતાની નીતી પર સમીક્ષા કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે હવે હોનારત વધારે પ્રચંડ તરીકે બની રહી છે. ચોક્કસપણે હોનારતના સમય વિદેશી સહાય સાથે જોડાયેલા નિતીગત ફેસલા જે સમય લેવામાં આવ્યો હતો ત્યારે કેટલીક સંબંધિત સમસ્યા સપાટી પર આવી હતી. ચિંતાઓ પણ સપાટી પર આવી હતી. એક મુદ્દો એ પણ રહ્યો છે કે કેટલાક દેશોમાં જ્યા સુધી વિદેશી બચાવ ટીમ પહોંચે છે ત્યારે મોટા ભાગે સ્થાનિક સ્તર પર બચાવ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવે છે. બીજી ચિંતા એ પણ છે કે કેટલાક મામલે એવી ચિંતા રહે છે કે આ સહાયતાની સાથે વિદેશી દેશો કેટલીક શરતો લાગુ ન કરી દે. કેરળના ફેરનિર્માણ માટે આ સમય ભારે આર્થિક મદદની જરૂર દેખાઈ રહી છે. કેરળ સરકારે વિશ્વ બેંક પાસેથી ત્રણ હજાર કરોડની લોન લેવા માટે ઇચ્છુક છે. જો યુએઈ અથવા તો અન્ય કોઇ દેશ મદદ માટે ઓફર કરે છે તો તેને સ્વીકાર કરી લેવામાં આવે તે જરૂરી છે. જો કોઇ વિદેશી દેશ સહાયની ઓફર કરે છે અને તેને સ્વીકારી લેવામાં આવે છે તો તેના કારણે સોન લેવા માટેની મજબુરી ઓચી થઈ જાય છે. જળવાયુ પરિવર્તનના દોરમાં હવે હોનારત વધારે થઈ રહી છે. આવી સ્થિતીમાં ભારતને પોતાના નિયમોમાં કેટલાક સુધારા કરવાની જરૂર દેખાઇ રહી છે. આના કારણે હોનારતની સ્થિતીમાં બહારની સહાયની જરૂર પડી શકે છે. વિકાસશીલ દેશ પણ ખુબ સમયથી માંગ કરી રહ્યા છે કે અમીર દેશ આને લઈને કેટલાક પાસા પર વિચારણા કરીને એક ફંડની રચના કરે. આમાં કોઇ શંકા નથી કે કુદરતી હોનારતની સ્થિતીમાં પહોંચી વળવા માટે આત્મનિર્ભતા હોવી જરૂર છે પરંતુ સાથે સાથે તરત જ સહાય સામાન્ય લોકો અને મુશ્કેલીમાં રહેલા લોકો સુધી પહોંચે તે પ્રાથમકતા રહે તે જરૂરી છે. જો કે જો કોઇ દેશ કોઇ પણ શરત વગર સહાય આપે તો તેને સ્વીકાર કરવાની વ્યવસ્થા પણ હોવી જોઇએ. જળવાયુ પરિવર્તનનો દોર હાલમાં ચાલી રહ્યો છે. આના કારણે વિશ્વના દેશોમાં કુદરતી હોનારત થઇ રહી છે. વિશ્વના દેશો આના કારણે પરેશાન થયેલા છે. હાલમાં જ જાપાનમાં પણ વિનાશકારી તોફાનના કારણે ભારે નુકસાન થયુ છે. લાખો લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. વિશ્વના દેશો આમાં અભ્યાસ કરે તે પણ જરૂરી છે.

યુદ્ધ જેવી સ્થિતીમાં રિપોર્ટિંગ વેળા ગંભીરતા જરૂરી

સ્પર્ધા વચ્ચે સાવધાની જરૂરી

આજે જેટલા પણ પત્રકાર છે તે પત્રકારોએ યુદ્ધમાં રિપોર્ટિંગ કર્યુ નથી. મિડિયાના પાઠ્યક્રમમાં જંગ અથવા તો યુદ્ધના માહોલને લઈને કોઇ પ્રકરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જેથી આ પ્રકારના માહોલ માટે કોઇ યોગ્ય આચારસંહિતા પણ નથી. યુદ્ધની સ્થિતી અને યુદ્ધ જેવી સ્થિતીમાં અધિકારીઓની બેઠક, એ બેઠકોની જગ્યાની માહિતી આપી શકાય નહીં. સેના અને સુરક્ષા દળોની ગતિવિધી તેમજ રેલીના સંબંધમાં કોઇ માહિતી જાહેર કરવી યોગ્ય નથી. જવાનોની અવરજવર અંગે પણ કોઇ માહિતી જાહેર કરવી જોઇએ નહીં. આ તમામ વિષયો પર રિપોર્ટિંગ કરતી વેળા વધારાની સાવધાની રાખવાની જરૂર હોય છે. ચોક્કસપણે મુખ્ય ધારાના મિડિયા પણ ભારતીય રાષ્ટ્રીય ધારાનુ સમર્થન કરે છે. જો કે અતિરેકમાં રિપોર્ટિંગ



દુશ્મન દેશને ફાયદો પહોંચાડે છે. દુશ્મન દેશને આના કારણે ગુપ્ત અને સંવેદનશીલ માહિતી મળી જાય છે. યુદ્ધ વખતે રિપોર્ટિંગ કરી ચુકેલા વરિષ્ઠ રિપોર્ટરના સંબંધમાં કવરેજની માહિતી ચોક્કસપણે પત્રકારો મેળવે તે જરૂરી છે. એ વખતે રિપોર્ટર દ્વારા કઇ રાતે ભારતીય પક્ષ રજૂ કરવામાં આવ્યા હતા તે અંગે માહિતી મેળવી લેવાની જરૂર છે. એમ કહેવામાં આવે છે કે કારગિલ યુદ્ધ દરમિાન પણ રિપોર્ટિંગના કારણે નુકસાન થયુ હતુ. કારગિલના ગાળા દરમિયાન રિપોર્ટિંગ ટીમના કેમેરાને જોઇને પાકિસ્તાની સેનાએ એ વખતે બોંબ ઝીંકયા હતા. વાસ્તવિકતા એ છે કે આ સંબંધમાં સરકારી મિડિયા વધારે જવાબદારી અદા કરે છે. આનુ કારણ એ છે કે સરકારી મિડિયા પોતાની આચારસંહિતાથી એક પગલુ પણ આગળ વધતા નથી. તેઓ શિસ્તમાં રહે છે.

યુદ્ધ જેવી સ્થિતીમાં મિડિયા પર ખાસ આચારસંહિતા જરૂરી બની ...

મિડિયા જવાબદારી અદા કરે તે જરૂરી

ભારત અને પાકિસ્તાનવચ્ચે ત્રાસવાદને લઈને જારી જંગ વચ્ચે દેશના મિડિયાની જવાબદારી પણ ખુબ મહત્વપૂર્ણ બની જાય છે. સતત નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી દેવાની સામે સામાન્ય લોકોની નારાજગી પણ બિલકુલ યોગ્ય છે. પરંતુ એક લોકશાહી દેશમાં અને સમાજમાં મિડિયામાં જનાકોશની અભિવ્યક્તિ પર પ્રશ્ન પણ કરે છે. બે દેશો વચ્ચે જ્યારે સ્થિતી યુદ્ધ જેવી બની જાય છે ત્યારે કેટલીક માહિતી ખુબ સંવેદનશીલ બની જાય થછે. આ માહિતી એવી હોય છે જે માહિતીને સામાન્ય તથ્યની જેમ રજૂ કરી શકાય નહીં. કેટલીક માહિતી એવી હોય છે જે માહિતીને રાષ્ટ્રહિતને ધ્યાનમાં લઈને રોકવાની જરૂર હોય છે. આ મિડિયાની પણ જવાબદારી છે કે યુદ્ધ જેવા માહોલમાં સંવેદનશીલ માહિતી મામલે વધારે ચર્ચા કરવામાં ન આવે. આવા માહોલમાં મિડિયા દ્વારા પણ આ બાબત નક્કી કરવી જોઇએ કે તે કેવા પ્રકારની માહિતી દર્શાવશે અને કેવા પ્રકારની માહિતી દર્શાવશે નહીં. જો કે કમનસીબ રીતે મિડિયા વચ્ચે ચાલી રહેલી



નવી આચારસંહિતા તમામ મિડિયા સંસ્થાઓ અને એડિટરો મળીને બનાવે તે જરૂર છે : અભિનંદન અંગે મિડિયાએ બેદરકારી દર્શાવી દીધી

ગળા કાપ સ્પર્ધાના કારણે જાણતા અજાણતા પણ મિડિયા દ્વારા યોગ્ય માહિતી દર્શાવવામાં આવી રહી નથી. બીજા વિશ્વ યુદ્ધ બાદ વર્ષ ૧૯૪૯માં જીનેવા સમજુતી હેઠળ યુદ્ધકાળના ગાળા દરમિયાન સંઘર્ષમાં રહેલા દેશોના કેદીઓ અને જવાનોના મામલે કેટલાક ખાસ કાયદા કાનનુ નક્કી કરવામાં આવ્યા છે. તેમાંથી એક એ પણ છે કે યુદ્ધ કેદીઓની સાથે મારામારી અથવા તો કોઇ પ્રકારના ખરાબ વર્તન થવા જોઇએ નહીં. જો કોઇ કેદી કોઇ માહિતી આપવા માટે તૈયાર નથી તો તેની સાથે બળજબરી કરી શકાય નહીં. તેની ઇચ્છાનુ સન્માન થવુ જોઇએ. મિગ-૨૧ના દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ પાકિસ્તાનના સકંજામાં આવી ગયેલા વિંગ કમાન્ડર અભિનંદનના મામલે મિડિયાએ જે પ્રકારથી રિપોર્ટિંગ પ્રક્રિયા હાથ ધરી હતી તેનાથી લાગે છે કે કમનસીબ બાબત રહી છે. આવા રિપોર્ટિંગથી લાગે છે કે કમ સે કમ યુદ્ધ જેવા માહોલમાં રિપોર્ટિંગ કરવા, સમાચાર દર્શાવવા, સાંભળવા સહિતના મુદ્દા પર ચોક્કસપણે આચારસંહિતા રહે તે જરૂરી છે. આ ખાસ પ્રકારની આંચારસંહિતા મિડિયા સંસ્થાઓ અને ન્યુઝ એડિટર દ્વારા તૈયાર કરવામાં આવે તે સમયની માંગ છે. પાકિસ્તાની સેનાએ પોતાની કેદમાં આવેલા અભિનંદનના સંબંધમાં એક વિડિયો જારી કરીને કેટલીક વિગત આપવામાં આવી હતી. વિડિયોમાં દર્શાવવામાં આવ્યુ હતુ કે પાકિસ્તાની સેના અભિનંદનને તેનુ નામ પુછે છે તો તે બતાવે છે. પરંતુ જ્યારે તેમના મુળ રાજ્ય અને અન્ય વિગત અંગે પુછવામાં આવે છે ત્યારે કોઇ પણ પ્રકારની માહિતી આપતા નથી. તેમને ક્યાં વિમાન ફલાય કરી રહ્યા હતા તે અંગે પુછવામાં આવે ત્યારે કોઇ જવાબ આપતા નથી. સર્વિસ નંબર અંગે માહિતી આપતા નથી. કેદમાં હોવા છતાં તેઓ પોતાની જવાબદારીથી ભાગતા નથી. એક જવાબદાર અધિકારીની જેમ વર્તન કરે છે. જો કે એ ગાળા દરમિયાન ભારતીય મિડિયાના લોકોએ તેમની તમામ કુંડળી અંગે માહિતી આપી દીધી હતી. એમ કહી દેવામાં આવ્યુ હતુ કે તેઓ એર માર્શલ વર્ધમાનના પુત્ર છે. તેમના પત્નિ પણ એક ઓફિસર છે. તેમનુ એક પુત્ર પણ છે. અભિનંદને ભલે મોતના મુખમાં હોવા છતાં કોઇ માહિતી આપી ન હતી પરંતુ મિડિયાએ તમામ માહિતી આપી હતી. આ માહિતીનો ઉપયોગ પાકિસ્તાન તેના હિતમાં કરી શક્યુ હોત. તમામ સંવેદનશીલ માહિતી અમારા મિડિયાએ જાહેર કરી દીધી હતી. આવી સ્થિતીમાં અભિનંદનના વલણનુ કોઇ મહત્વ રહેતુ ન હતુ. આ પ્રકારના રિપોર્ટિંગથી ભારે નુકસાન દેશને થઇ શકે છે. મિડિયાએ તેમની બહાદુર દર્શાવવા માટે દર્શાવી હતી. જો કે આ બહાને પાકિસ્તાનને કેટલીક ઉપયોગી માહિતી હાથ લાગી ગઇ હતી. આ માહિતી મળ્યા બાદ કે તેઓ પૂર્વ નાયબ હવાઇ દળના વડાના પુત્ર છે. તેની માહિતીનો ઉપયોગ પાકિસ્તાન સોદાબાજી માટે કરી શક્યુ હોત.

દેશ અને સેનાને કોઇ પણ પ્રકારનુ નુકસાન ન થાય તે માટે તમામ બાબતોને સાવચેતીપૂર્વક ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. કોઇ પણ પ્રકારની અતિસયોક્તિ દેશને નુકસાન કરી શકે છે. યુદ્ધ જેવી સ્થિતીમાં રિપોર્ટિંગના પણ કેટલાક નિયમો છે. જે પાળવામાં આવે તે જરૂરી છે. હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે ત્યારે મિડિયામાં રિપોર્ટિંગ સરહદી વિસ્તારોના સંબંધમાં ખુ બ સાવધાનીપૂર્વક કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે આના કારણે દુશ્મન દેશને ફાયદો થઇ શકે છે. વિતેલા વર્ષોમાં પણ પાકિસ્તાનને આવા રિપોર્ટિંગ વેળા ફાયદો થયો હતો. જેમાં કારગિલ અને મુંબઇ હુમલા વેળા રિપોર્ટિંગનો સમાવેશ થાય છે.

સોશિયલ મિડિયાનુ પ્રભુત્વ

આજે સોશિયલ મિડિયાના યુગમાં કોઇ પણ પ્રકારની માહિતી છુપાવવી ખુબ મુશ્કેલ છે. પરંતુ સોશિયલ અને મુખ્ય ધારાના મિડિયાની વચ્ચે પણ કેટલાક અંતર રહેલા છે. મુખ્ય ધારાના મિડિયાની સાથે જવાબદારી અને શિસ્ત બંને બાબતો જોડાયેલી છે. જ્યારે સોશિયલ મિડિયા પર આની કોઇ જરૂર દેખાતી નથી. આ જ કારણછે કે સોશિયલ મિડિયાને આજે એક હદ બાદ ગંભીરતાથી લોકો લેતા નથી. મુખ્ય ધારાના મિડિયાને સર્વોચ્ચ ગંભીરતા સાથે લેવામાં આવે છે. સોસિયલ મિડિયા મારફતે આવેલી માહિતીને લઈને હમેંશા પ્રશ્નો થતા રહે છે. સોશિયલ મિડિયામાં જે માહિતી જાહેર કરવામાં આવે છે તે માહિતી એ વખતે જ નોંધ લેવા લાયક બની શકે છે જ્યારે મુખ્ય ધારાના મિડિયામાં તેને મહત્વ આપવામાં આવે છે. સોશિયલ મિડિયા આજે સૌથી વધારે સક્રિય છે. સોશિયલ મિડિયાના કારણે ચોકીદારીનુ તંત્ર વિકસિત થઇ શક્યુ છે. તેમ છતાં આ મંચ પર આજે પણ મોટા ભાગની માહિતી જે આવે છે તેને લઈને વિશ્વાસ ઓછો રહે છે. આવી સ્થિતીમાં યુદ્ધ જેવા માહોલમાં સોશિયલ મિડિયામાં સક્રિય રહેલા લોકોએ આડેધડ માહિતી આપવી જોઇએ નહીં. કારણ કે આના કારણે સ્થિતી વધારે ગંભીર બની શકે છે. આવી સ્થિતીમાં યુદ્ધ જેવા માહોલમાં સમાચારો અને વિચારોના ફેલાવા માટે મુખ્ય ધારાના મિડિયાની તુલના સોશિયલ મિડિયા સાથે કરવાની બાબત બિલકુલ અયોગ્ય હોય છે. સોશિયલ મિડિયા પર ઘરમાં બેઠેલા લોકો કોઇ પણ પ્રકારની વિચારણા કર્યા વગર પોતાની ઇચ્છાથી કોઇ પણ નિવેદન કરી નાંખે છે. જો કે મુખ્ય ધારાના મિડિયામાં ખાતરી કરવામાં આવ્યા બાદ કોઇ માહિતી જાહેર કરવામાં આવે છે. એંકદરે યુદ્ધ જેવા માહોલમાં સોશિયલ મિડિયાના પ્લેટફોર્મનો ઉપયોગ ખુબ સાવધાની પૂર્વક કરવામાં આવે તે જરૂરી છે. હાલમાં જે લોકો સોશિયલ મિડિયાનો ઉપયોગ કરે છે તેમને ગંભીરતા રાખવાની જરૂર છે.

HOLIDAYS TOURS & TRAVELS
ગો. ગો. ગોવા
પ્રવાસ દિવસ : 7
ચાર ધામ
પ્રવાસ દિવસ : 16
ઉનાળા વેકેશનના પ્રવાસોનુ બુકીંગ ચાલુ
મો.૯૯૨૫૧ ૩૫૪૯૫

WiselyInvest .com
પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બારડોલી તાલુકાના મઢી ગામના ચંપા ફળિયામાં મીરાબેન રાધેશ્યામભાઈ કુમાવત રહે છે. તેમની એક અનાજ કરિયાણાની દુકાન સુરાલી ગામ ખાતે આવેલી છે. તેમની અનાજ કરિયાણાની દુકાનના શટલમાં મારેલો તાળાતોડી અંદર પ્રવેશી તસ્કરોએ રૂા. ૪૦ હજાર રોકડા તથા સિંગતેલના ૧૫ કિલોના બે નંગ ડબ્બા કિંમત રૂા. ૨૫૦૦/- મળી કુલ્લે ૪૨,૫૦૦ની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બારડોલી પોલીસ મથકમાં મીરાબેન ગયા હતા. બારડોલી પોલીસ મથકમાં મીરાબેન કુમાવતે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સંયુક્ત રાષ્ટ્રએ આતંકવાદની પરિભાષા નક્કી કરવી જોઈએઃ નાયડૂ

ન્યુ દિલ્હી

ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂએ કહ્યુ કે, સંયુક્ત રાષ્ટ્રએ વિચાર-વિમર્શ કરી આતંકવાદની પરિભાષા નક્કી કરવી જોઈએ. અને ત્યારબાદ જ આતંકવાદી સમૂહોને અલગ-થલગ કરવા માટે એક કાર્ય યોજના તૈયાર કરવી જોઈએ. દુનિયાભરના લોકો અને દેશોએ સાથે મળીને આતંકવાદને ખતમ કરવો જોઈએ. બધાએ ભેગા મળીને એ લોકોના દુઃખ દર્દને સમજવુ જોઈએ, જે લોકો આતંકવાદથી પ્રભાવિત થઈ રહ્યા છે. અને તેને ખત્મ કરવાની કોશિશ કરવી જોઈએ. એટલે જ હું કહી રહ્યો છું કે, સંયુક્ત રાષ્ટ્રએ નક્કી કરવુ જોઈએ કે, આતંકવાદની પરિભાષા શુ છે? ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, તેઓ વર્ષોથી આ અંગે ચર્ચા કરી રહ્યા છે, અને આતંકવાદી જૂથોને અલગ કરવા માટે કાર્યવાહી સાથે આગળ વધવું જોઈએ.

સોનગઢના ગુણસદા ખાતે યોજનારા

મુખ્યમંત્રીના કાર્યક્રમને અનુલક્ષીને કરવામાં આવી રહેલી તડામાર તૈયારીઓ



વ્યારા

આગામી તા. ૩જી, માર્ચના રોજ તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલા ગુણસદા મુકામે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં સુરત અને તાપી જિલ્લામાં નવા શરૂ થનારા અને પૂર્ણ થયેલા કરોડો રૂપિયાના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમ સુપેરે પાર પડે એ માટે તાપી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

તા. ૩જી, માર્ચના રોજ તાપી જિલ્લામાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીના આ કાર્યક્રમને લઇને તાપી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જિલ્લા કલેકટર આર.એસ.નિનામાના સીધા માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લાનું વહીવટી તંત્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તૈયારીઓમાં જોતરાઇ ગયું છે.

મુખ્યમંત્રીના કાર્યક્રમને અનુલક્ષીને કાર્યક્રમના સ્થળે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. કાર્યક્રમને અનુલક્ષીને સ્ટેજ, સભામંડપ, બેઠક વ્યવસ્થા, વીજળી, પાર્કિંગ વગેરેની તૈયારીઓ યુદ્ધના ધોરણે આરંભી દેવામાં આવી છે. માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ કાર્યક્રમના સ્થળે તમામ તૈયારીઓ સમયમર્યાદામાં પૂર્ણ થાય એ માટે ખડેપગે ફરજ બજાવી રહ્યા છે.

સિંચાઇ, પાણી પુરવઠા, માર્ગ અને મકાન વિભાગના કરોડો રૂપિયાના વિકાસ પ્રકલ્પોની સાથોસાથ વન અધિકાર અધિનિયમ અંતર્ગત લાભાર્થીઓને આદેશપત્રો તેમજ અધિકારપત્રોનું પણ કાર્યક્રમ દરમિયાન વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમના સરળ સંચાલન માટે ગઠિત કરવામાં આવેલી વિવિધ સમિતિઓના અધિકારીઓ પણ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખડેપગે કામ કરી રહ્યા છે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાનારા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટર આર. એસ. નિનામાએ જિલ્લાની પ્રજાને જાહેર અનુરોધ કર્યો છે.

જિલ્લા માહિતી કચેરીના

અધિક્ષક દિપકભાઈ વણજારાને નિવૃતિ વિદાયમાન અપાયું



વ્યારા

જિલ્લા માહિતી કચેરી, વ્યારા ખાતે કચેરી અધિક્ષક તરીકે ફરજ બજાવતા દિપકભાઈ ધનસુખભાઈ વણજારા તા. ૨૮/૦૨/૨૦૧૯ના રોજ વયનિવૃત થતા કચેરીના કર્મચારીગણે તેમને નિવૃતિ વિદાયમાન આપ્યું હતું.

દિપકભાઈ વણજારાએ પ્રચાર એકમ ઉંમરગામથી તેમની કારકીર્દીની શરૂઆત કરી હતી. તેઓએ મુંબઈ ખાતે આવેલી સંપર્ક અધિકારીની કચેરીમાં પણ ફરજ બજાવી હતી. તેઓએ ૨૦૧૦માં જિલ્લા માહિતી કચેરી, વ્યારા ખાતે સીનીયર કલાર્ક તરીકે સેવા આપી હતી. બાદમાં તેમને આસીસ્ટન્ટ ઓફિસ સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે પ્રમોશન આપી જિલ્લા માહિતી કચેરી, રાજપીપળા જિ. નર્મદા ખાતે નિમણુંક આપવામાં આવી હતી. તેઓએ પ્રાદેશિક માહિતી કચેરી, સુરત ખાતે પણ ફરજ બજાવી હતી. તેમને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે બઢતી આપી જિલ્લા માહિતી કચેરી, વ્યારા ખાતે નિમણુંક આપવામાં આવી હતી. ૩૪ વર્ષની લાંબી કારકીર્દી બાદ વયનિવૃત થયેલા કચેરી અધિક્ષક દિપકભાઈ વણજારાને જિલ્લા માહિતી કચેરીના ટેકનિકલ અસીસ્ટન્ટ એચ.વી.ગોહીલ, માહિતી મદદનીશ સી.એફ.વસાવા, ગુજરાત ગાર્ડિયનના બ્યુરોચીફ અલ્પેશભાઇ દવે, તાપી સાઇટ સામ્રાહિકના તંત્રી અને ઝી ચોવીસ કલાકના સંવાદદાતા વિનાયકભાઇ જાદવ, માહિતી કચેરીના ફોટોગ્રાફર અર્પિતભાઇ ગામીત, પાર્થ ચૌધરીઅને વિરલ ગામીતે તેમને નિરામય નિવૃત જીવનની શુભકામના પાઠવી હતી. પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સંયુકત માહિતી નિયામક ભાવસિંહ રાઠવા, નાયબ માહિતી નિયામક એમ.એસ વળવી અને માહિતી કચેરી, વ્યારાના ઈન્ચાર્જ સહાયક માહિતી નિયામક રમેશભાઇ તડવી અને જિલ્લાના મીડીયાકર્મીઓએ દિપકભાઇ વણજારાનું નિવૃત જીવન સુખમય નિવડે એવી ટેલિફોનિક શુભેચ્છા પાઠવી હતી.

મહિલા સ્વાતંત્ર્ય સેનાની દમયંતીબેન જરીવાલાનું ૯૭ વર્ષની વયે અવસાન

સુરત

સુરતના મહિલા સ્વાતંત્ર્ય સેનાની દમયંતીબેન જીતેન્દ્રભાઈ જરીવાલાનું ૯૭ વર્ષની વયે અવસાન થયું છે. માત્ર ૧૯ વર્ષની વયે હિંદ છોડો આંદોલનમાં સક્રિય ભાગ લેનાર દમયંતીબેને આઝાદીની ચળવળમાં જોડાઈ જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓ પીપલોદની સાંઈ આશિષ સોસાયટી, ચાંદની ચોક પાસે નિવાસ કરતાં હતા. દમયંતીબેનનો જન્મ ૯-૫-૧૯૨૨ના રોજ સુરતમાં થયો હતો. તેમના માતા સવિતાબેન છોટાલાલ સરૈયા પણ સ્વતંત્રતાની ચળવળમાં સક્રિય રહ્યા હતા. સવિતાબેન મહાત્મા ગાંધીજીના માર્ગદર્શનમાં હરિજન બહેનોને સીવણકામ શીખવતા અને અક્ષરજ્ઞાન આપતા હતા. જેથી જ દેશપ્રેમ અને આઝાદીની લડત માટેની પ્રેરણા એમને



ગળથૂથીમાં જ મળી હતી.

આઝાદીની ચળવળ દરમિયાન અંગ્રેજોનો વિરોધ કરવા 'હિંદ છોડો, ભારત માતાકી જય' જેવા નારા લગાવી સરઘસમાં ઝંડો લઈને સૌથી આગળ ચાલતા હતા. પોલીસ પકડવા આવે ત્યારે અલગ અલગ જગ્યાએ છુપાઈ જતા હતા. એક સમયે પોલીસના હાથે ઝડપાઈ ગયા બાદ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. એમને સમજાવવામાં આવ્યું હતું કે, તમે અંગ્રેજો સામે સુત્રો બોલી વિરોધ કરતા નહોતા એવું કોર્ટમાં કહી દેજો. તો ઓછી સજા થશે.' પરંતુ તેમણે કોર્ટમાં મક્કમતાથી જણાવ્યું હતું કે, હા, અમે સૂત્રો બોલતા હતા, અને હજી પણ અંગ્રેજોના દમન સામે અવાજ ઉઠાવીશું. જેથી તેમને સજારૂપે સાબરમતી જેલમાં જવું પડ્યું હતું. જેલમાં અંગ્રેજોના અત્યાચાર સહન કર્યા, જેલમાં પણ ભગવદ ગીતાના પાઠ કરતા હતા. તેઓ કુટુંબ સાથે રહી ધાર્મિક જીવન જીવતા હતા. રાજ્ય સરકાર તરફથી તેમને માસિક રૂ.૨૮ હજાર પેન્શન પ્રાપ્ત થતું હતું. તેમના અવસાનથી સુરતવાસીઓમાં શોકની લાગણી પ્રસરી છે.

સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતમાં ત્રણના મોત

સુરત

સુરત જિલ્લામાં બનેલા માર્ગ અકસ્માતના બનાવોમાં ત્રણ વ્યકિતઓના કરૂણ મોત નીપજતા પોલીસે ફેટલનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કિમ-ચાર રસ્તા ચિરાગ રેસિડેન્સી પાસે એક ચાર ચક્રિય વાહન ચાલકે (જીજે-૦૫-જેએસ-૩૯૭૯) પોતની કાર પૂરપાટ ઝડપે હંકારી આગળ ચાલતી મોટર સાઈકલ સવારને ટક્ક મારી કાન્તિભાઈ ડામોરના કાકા રાજેશ કાળુભાઈનું કરૂણ મોત નીપજવાવી ફરાર થઈ ગયા હતો. પોલીસે ફેટલનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા બવાહન અકસ્માતનો બનાવ કોસંબા પોલીસ મથકમાં નોંધાયો હતો.મ ંગરોળ તાલુકાના હથોડા ગામના વતની સાકિબ ઈબ્રાહીમ ચૌહાણ નોંધાયેલી વાહન અકસ્માતની ફરિયાદમાં જણાવ્યું હતું કે, અજાણ્યા આઈશર ડમ્પરના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈપૂર્વક હંકારી ચલાવતા એક મોટર સાઈકલ ચાલકને અથડાતા પાછળ બેઠેલા ૭૦ વર્ષના દુર્લભભાઈ પટેલનું કરૂણ મોત નીપજાવી ફરાર થઈ ગયા હતો. જ્યારે ત્રીજા વાહન અકસ્માતની વિગતો એવી છે કે, કામરેજ ધોરણ પારડી ગામની સીમ પાસેથી અજાણ્યા કન્ટેનર વાહન ચાલકે પોતાના વાહન પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર ચાલકને ટક્કર મારતો ચાલકનું મોત નીપજાવી ફરાર થઈ ગયો હતો. ત્રણેય ગુનામાં પોલીસ ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આગામી તા. ૩જી, માર્ચના રોજ ગુણસદા ખાતે યોજાનારા

મુખ્યમંત્રીના કાર્યક્રમને અનુલક્ષીને સમીક્ષા બેઠક યોજાઈ

વ્યારા

આગામી તા. ૩જી, માર્ચના રોજ સોનગઢ તાલુકાના ગુણસદા ખાતે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં તાપી અને સુરત જિલ્લામાં સાકાર થયેલા અને નવા શરૂ થનારા કરોડો રૂપિયા પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહને અનુલક્ષીને જિલ્લા કલેકટર આર.એસ.નિનામાની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા કલેકટર નિનામાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૩જી, માર્ચના રોજ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગુણસદા ગામે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં કરોડો રૂપિયાના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. તાપી જિલ્લાના સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુન્ડા તાલુકાના ખેડૂતોને સિંચાઈની સગવડ મળી રહે એ માટે રૂા. ૯૧૨ કરોડની સિંચાઇ યોજનાઓનું ખાતમુહૂર્ત કરાશે તેમજ અન્ય પ્રકલ્પોનું પણ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ સુપેરે પાર પડે એ માટે બનાવવામાં આવેલી તમામ સમિતિઓને તેમને સોંપવામાં આવેલી કામગીરી સુપેરે અદા કરવા માટે તાકીદ કરી હતી.

તેમણે કાર્યક્રમને અનુલક્ષીને કરવામાં આવી રહેલી તૈયારીઓ અંગે વિગતે સમીક્ષા કરતાં તેમણે સ્ટેજ, સભામંડપ, ટ્રાન્સપોર્ટેશન, પીવાના પાણીની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, હેલીપેડ, સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારી, પાર્કિંગની વ્યવસ્થા જેવા મુદ્દે વિગતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ના લાભાર્થીઓને અધિકારપત્રો તથા પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના લાભાર્થીઓને કાર્ડ વિતરણ પણ કરવામાં આવશે.

સિંચાઇ વિભાગના અધિક્ષક ઇજનેર આર.એમ પટેલે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

બેઠકમાં નાયબ વનસંરક્ષક આનંદકુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયા, પ્રાયોજના વહીવટદાર વિજયભાઇ પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી આશાબેન વસાવા, જિલ્લા પુરવઠા અધિકારી, વ્યારા પ્રાંત તુષારભાઇ જાની, નિઝર પ્રાંત આર.સી.પટેલ, તમામ કાર્યપાલક ઇજનેરો, જિલ્લા શિક્ષણાધિકારી પટેલ, અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ઉધના રેલવે ગરનાળા પાસે તૈયાર થઈ ગયેલા ઓવરબ્રિજ ટૂંક સમયમાં ખુલ્લો મૂકાશે. આ અંગે ઓવરબ્રિજનું આખરી તબક્કાની કામગીરી ચાલી રહી છે.

યોગી ચોક પ્રમુખ છાયા સોસાયટીમાં આગ

સુરત

આજે સવાર પોણા અગિયાર વાગ્યાના સુમારે યોફગીચોક પ્રમુખ છાયા સોસાયટીમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરતા કાપોદ્રા ફાયર સ્ટેશનથી ફાયર ઓફિસર રીઝીવાડિયા તાત્કાલિત સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. યોગી ચોક પ્રમુખ છાયા સોસાયટીમાં આવેલા તીક્ષાપત્રી એવન્યુ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફલોર પર આગ લાગી હતી. મીટરપેટીમાં શોર્ટ સર્કિત થતા આગ હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે. આગથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગથી મીટર સળગી ગયા છે. અન્ય કોઈપણ માલ સામાન કે ચીજવસ્તુને નુકસાન થયું નથી. ફાયરની ટીમ સ્થળ ઉપર પહોંચી કામગીરી હાથ ધરી હતી.



*નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલ સાહેબ અને વેસ્ટર્ન રેલ્વેના **GM** શ્રી એ.કે.ગુપ્તાજીની વિશેષ ઉપસ્થિતિમાં ઉધના રેલ્વે સ્ટેશન ખાતે યાત્રીઓની સુવિધા માટે **VIP** લોંજ અને વેટિંગ રુમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું સાથે સાથે પુલવામાં શહીદ થયેલ આપણા વીર જવાનોની સ્મૃતિમાં ઉધના રેલ્વે સ્ટેશન ખાતે છોડ રોપીને એમને શ્રધાંજલિ આપવાના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું. નવસારી સાંસદે વેસ્ટર્ન રેલ્વેના **GM** શ્રી એ.કે.ગુપ્તાજી સાથે મીટીંગ કરીને ગુજરાત ક્વીન અને શતાબ્દી એક્સપ્રેસને ગાંધીનગર સ્ટેશન મળે, ઉધનાયાર્ડની નવી બની રહેલ પ્રોટેક્શન વોલમાં યાત્રીઓને અવર જવર માટે જગ્યા છોડવા, ભેસ્તાન રેલ્વે સ્ટેશન પર જે અતિક્રમણ છે એ દૂર કરીને સ્ટેશન ખુલ્લું કરવા અને સ્ટેચ્યુ ઓફ યુનીટી પછી ગુજરાતનું જોવાલાયક સ્થળ દાંડી બની ગયું છે જ્યાં યાત્રીઓના ઘસારાને ધ્યાનમાં રાખીને નવસારી રેલ્વે સ્ટેશન પર વિવિધ ટ્રેનોના સ્ટોપેજ માટે માંગણી કરી હતી સમગ્ર પ્રોગ્રામમાં **ZRUCC** મેમ્બર્સ શ્રી છોટુભાઈ પાટીલ, શ્રી સંતોષભાઈ શાહ, શ્રી અનુરાગભાઈ કોઠારી, શ્રી પરેશભાઈ પટેલ, **DRUCC** મેમ્બર શ્રી દેવેન્દ્રભાઈ બોકડીયા અને ઉધના રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.*

ઉધના રેલવે સ્ટેશને વીઆપી લોજ, વેટિંગ રૂમનું ઉદ્ઘાટન કરાયું

વેસ્ટર્ન રેલવેના જી.એમ. એ.કે. ગુપ્તા ઉપસ્થિત રહ્યા

સુરત

નવસારી સાંસદ સી.આર.પાટીલ અને વેસ્ટર્ન રેલ્વેના GM એ.કે.ગુપ્તાજીની વિશેષ ઉપસ્થિતિમાં ઉધના રેલ્વે સ્ટેશન ખાતે યાત્રીઓની સુવિધા માટે VIP લોંજ અને વેટિંગ રુમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું સાથે સાથે પુલવામાં શહીદ થયેલ આપણા વીર જવાનોની સ્મૃતિમાં ઉધના રેલ્વે સ્ટેશન ખાતે છોડ રોપીને એમને શ્રધાંજલિ આપવાના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું. નવસારી સાંસદે વેસ્ટર્ન રેલ્વેના GM એ.કે.ગુપ્તાજી સાથે મીટીંગ કરીને ગુજરાત ક્વીન અને શતાબ્દી એક્સપ્રેસને ગાંધીનગર સ્ટેશન મળે, ઉધનાયાર્ડની નવી બની રહેલ પ્રોટેક્શન વોલમાં યાત્રીઓને અવર જવર માટે જગ્યા છોડવા, ભેસ્તાન રેલ્વે સ્ટેશન પર જે અતિક્રમણ છે એ દૂર કરીને સ્ટેશન ખુલ્લું કરવા અને સ્ટેચ્યુ ઓફ યુનીટી પછી ગુજરાતનું જોવાલાયક સ્થળ દાંડી બની ગયું છે જ્યાં યાત્રીઓના ઘસારાને ધ્યાનમાં રાખીને નવસારી રેલ્વે સ્ટેશન પર વિવિધ ટ્રેનોના સ્ટોપેજ માટે માંગણી કરી હતી સમગ્ર પ્રોગ્રામમાં ZRUCC મેમ્બર્સ છોટુભાઈ પાટીલ, સંતોષભાઈ શાહ, અનુરાગભાઈ કોઠારી, પરેશભાઈ પટેલ, DRUCC મેમ્બર દેવેન્દ્રભાઈ બોકડીયા અને ઉધના રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૭મી, માર્ચના રોજ

જિલ્લા આયોજન મંડળ અને આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાશે

વ્યારા

આગામી તા. ૭મી, માર્ચના રોજ સવારે ૧૦:૩૦ કલાકે તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલા નગરપાલિકા તરણકુંડના સભાખંડમાં રાજયના મહેસુલ મંત્રી અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઇ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન મંડળ અને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાશે. આ બેઠકમાં સંબંધકર્તાઓને નિયત સમયે હાજર રહેવા માટે જિલ્લા આયોજન અધિકારી તરફથી જણાવાયું છે.

વનિતા વિશ્રામ મેદાનના ગેટ પાસે પોલીસ સ્ટાફ ઉપર હુમલો

સુરત

એક તરફ અઠવાગેટ વનિતા વિશ્રામ પાસે મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં શહીદોને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ ચાલુહ તો, ત્યારે બહાર રોડ ઉપર એક યુવકે ટ્રાફિક નિયમન કરતાં એક ફોજદાર ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી હોવાનો બનાવ બન્યો હતો. ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગઈકાલે સાંજે છ કલાકે ઉમરા પોલીસ મથકના સબ ઈન્સ્પે. એ.કે. જાડેજા અને પોલીસ સ્ટાફ વનિતા વિશ્રામ મેઈન ગેટ પાસે બંદોબસ્ત હતા. ત્યારે ટ્રાફિકનું નિયમન કરતાં પોલીસ કર્મચારીઓ સાથે આરોપી મહંમદ શબ્બીર જાલીયાવાળા (રહે. જીલાની કોમ્પલેક્ષ, અડાજણ પાટિયા) ધક્કામુક્કી કરી ગાળો આપતા ફરિયાદી પીએસઆઈ જાડેજા દોડી ગયા હતા અને આરોપીને અટકાવવા જતા આરોપી મોહમદ શબ્બીર જાલીયાવાળાએ ફરિયાદીને સાથે પણ ઝપાઝપી કરી ધક્કો મારી પાડી દેતાં ફરિયાદી ઘૂંટણની ભાગેઈજા થઈ હતી. બનાવ અંગે ઉમરા પોલીસ મથકે સબ ઈન્સ્પે. જાડેજાએ આરોપી મોહમ્મદ શબ્બીર જાલીયાવાળા સામે ફરજમાં રૂકાવટ સહિતનો ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

યુવતીને આત્મહત્યાની દુષ્પેરણા આપવાના ગુનામાં યુવકની ધરપકડ

વલસાડ

વલસાડની જી. એમ. ઈ.આર.એસ. મેડિકલ કોલેજમાં જુનિય ક્લાર્ક તરીકે ફરજ બજાવતી ધરાસણા ગામની યુવતીને લગ્ન કરવાની ખાતરી આપ્યા બાદ પરસ્ત્રીના પ્રેમમાં અંધ બની ગયોલા યુવાનના માનસિક ત્રાસથી નાસીપાસ થનાર યુવતીએ છ માસ પહેલા અતુલ પાર નદીના પુલ પરથી નીચે ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી. એ પ્રકરણમાં વલસાડ રૂરલ પોલીસે યુવતીને આત્મહત્યાની દુષ્પેરણા આપવાના ગુનામાં સંડોવાયેલા આરોપી યુવાનની અંતે ધરપકડ કરી હતી.

વલસાડના ડુંગરી ખાતે શ્રી લક્ષ્મી નિવાસ, જલારામ સોસાયટી, આઈ.જી.ટાવર, બાયપાસ રોડ પાસે રહેતા માછીમારની પુત્રીને ડુંગરીના ધરાસણા રોડ ઉપર પ્રમુખ સોસાયટીની સામે લુહારની બાજુમાં રહેતા અલ્કેશ બાબુભાઈ પટેલ સાથે ૮ વર્ષથી પ્રેમસંબંધ હતો. બંનેના સમાજ ભિન્ન હોયવાથી પ્રેમીએ પ્રમિકાના પિતાને તેની સાથે લગ્ન કરવાની ખાતરી આપી હતી.

જોકે, યુવતીના વર્તનમાં અચાનક ફેરફાર આવ્યો હતો અને તે સતત તણાવમાં રહેતી હતી. આ અંગે પિતાએ પુત્રીને પછતાં તેણે અલ્કેશ વલસાડની યુવતીના પ્રેમમાં પડ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી આ અંગે પિતાએ તેને સમજાવવા જતાં તેનામાં કોઇ ફેરફાર થયો ન્હોતો. પ્રેમીના બદલતા રૂપ અને માનસિક ત્રાસથી નાસીપાસ થયેલી યુવતીએ વલસાડના અતુલપાર નદીમાં કૂદકો મારી જીવતર ટૂંકાવ્યું હતું.

આ અંગે પિતાએ પ્રેમી અલ્કેશ વિરુદ્ધ પુત્રીને આત્મહત્યા કરવા માટે દુષ્પેરણા કરવાનો ગુનો નોંધાવ્યો હતો. જેના પગલે વલસાડ રૂરલ પોલીસે આરોપી સામે ગુનો નોંધીને તેને જેલભેગો કર્યો હતો.

Rose Bud's Schoolમાં મોટિવેશનલ સેમિનાર યોજાયો

સુરત

Rose Bud's School" માં ગુજરાતી,હિન્દી અને મરાઠી માધ્યમના ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે મોટિવેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વક્તા તરીકે જાવેદ સર અને બાળ કેળવણીકાર રાજેશભાઈ ધામેલિયા ઉપસ્થિત રહ્યા હતા. જાવેદ સરે વિદ્યાર્થીઓને પોઝિટિવ થિંકિંગનું મહત્ત્વ દર્શાવ્યું હતું. આ સેમિનારમાં શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, "બોર્ડની પરીક્ષાની ખૂબ દિલ દઈને મહેનત કરવાની જરૂર છે,પરંતુ ચિંતા કરવાની બિલકુલ જરૂર નથી. બોર્ડની પરીક્ષા જીવનની અંતિમ પરીક્ષા નથી,સમગ્ર જીવન જ એક પરીક્ષા છે.સમગ્ર જીવન દરમિયાન આવતી તમામ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરવા આત્મવિશ્વાસ ખૂબ જરૂરી છે. પરીક્ષા સમયે વધારે ઉજાગરા કરવાથી લાભ થવાને બદલે નુકસાન થવાની શક્યતા વધારે રહેલી છે. પરીક્ષામાં વધુ સારા ગુણ મેળવવા ઓછામાં ઓછી ૬ કલાકની ઊંઘ જરૂરી છે, પૂરતી ઊંઘ લેવાથી વાંચેલું વધારે યાદ કરે છે. પરીક્ષા નજીક છે ત્યારે સુપાચ્ય ખોરાક અને પ્રફુલ્લિત મન ખૂબ જરૂરી છે. ખોટી ચિંતા કરવી નહીં, તેમજ નચિંત થઈને સમયનો દુરુપયોગ પણ કરવો નહીં. પુરુષાર્થ આપણા હાથમાં છે. આયોજનપૂર્વક વાંચન કરવું,પરિણામ પ્રભુ ભરોસે છોડવું. ભવિષ્યમાં જે પરિણામ આવે તેનો સહર્ષ સ્વીકાર કરવો.

નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે

નેશનલ મિશન ફોર સસ્ટેઈનેબલ એગ્રીકલ્ચર યોજના હેઠળ સોઈલ હેલ્થકાર્ડ અંતર્ગત રાજ્યકક્ષાનો વર્કશોપ યોજાયો



રાજપીપળા : નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની મુકામે નેશનલ મિશન ફોર રસ્ટેઈનેબલ એગ્રીકલ્ચર યોજના હેઠળ સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત રાજ્યકક્ષાનો વર્કશોપને ગુજરાતના અધિક ખેતી નિયામક ડી.વી. બારોટ, સંયુક્ત ખેતી નિયામક પી.ડી. રાઠોડ,સંયુક્ત ખેતી નિયામક વડોદરા એમ.કે. કુરેશી, સંયુક્ત ખેતી નિયામક અમદાવાદ શ્રીમતી કે.બી. છાયા વગેરેની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય દ્વારા ખૂલ્લો મૂકાયો હતો.

અધિક ખેતી નિયામક ડી.વી. બારોટે જણાવ્યું હતું કે, ભારત સરકારનાં પ્રયાસોને કારણે સોઈલ હેલ્થકાર્ડની યોજના ચાલી રહી છે, જેનાથી તમામ ખેડૂતોને તેનાથી લાભ મળી રહ્યો છે. તેમજ ખેતી સ્માર્ટવેવથી કરવાની જરૂરિયાત છે. જરૂર પડે ત્યા ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી ઓછા સમયમાં વધુ ઉત્પાદન લઈ શકીએ છીએ.

સંયુક્ત ખેતી નિયામક પી.ડી. રાઠોડે જણાવ્યું હતું કે, એક કરતા વધારે પાકો આધુનિક ટેકનોલોજીને કારણે લઈ શકીએ છીએ, જમીનની અંદર પૃથ્થકરણ કરવું જરૂરી છે. તેમજ આધુનિક પધ્ધતિને કારણે ૨૦૨૨ માં ખેડુતોની આવકને બમણી કરવા સક્ષમ છીએ અને ખેડૂતો આત્મનિર્ભર થઈ શકશે. તેમજ જમીનની અગત્યતા બાબતે પ્રાથમિક માહિતી આપી હતી.

વડોદરાથી આવેલા સંયુક્ત ખેતી નિયામક એમ.કે. કુરેશીએ પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું હતું કે, જમીનનાં નમૂનાં ખેડૂતનાં ખેતર સુધી પહોંચે તેમજ સમયમર્યાદામાં પહોંચે તો આપણે સોઈલ હેલ્થકાર્ડ યોજનામાં સફળતા પ્રાપ્ત કરી કહેવાશે. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે, સોઈલ હેલ્થકાર્ડ વાસ્તવિક રીતે અપનાવાથી ખૂતોને મોટાપાયે તેનો લાભ થાય છે.

સેમીનારમાં જુદા જુદા જિલ્લામાંથી આવેલા ખેતીવાડી સાથે સંકળાયેલા અધિકારીઓએ પોતાના અભિપ્રાય રજૂ કર્યો હતો.

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના કલીમકવાણા ગામના ખેડૂત લાભાર્થી મહેન્દ્ર બળવંતરાય તડવીએ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે, મને આ સોઈલ હેલ્થ કાર્ડ યોજના અનેક રીતે લાભદાયી થઈ શકે છે જેનાથી હું સારૂં ઉત્પાદન મેળવી શકું છું. આજે મારે મારા ખેતરમાં તુવેરનું ઉત્પાદન મોટા પ્રમાણમાં હું લઈ શકું છું. તેનું શ્રેય તેઓએ સરકારને આપ્યું હતું. તેવા જ બીજા લાભાર્થી નર્મદા જિલ્લાનાં ગરૂડેશ્વર તાલુકાનાં મોટાઆંબા ગામના વતની કિરીટભાઈ વિજયસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, મારા ખેતરનું સોઈલ હેલ્થને કારણે જુદા જુદા પાકો અને ફળોનું ઉત્પાદન મેળવી શકું છું, સજીવ ખેતી કરવાથી જમીનની ફળદ્રુપતા જળવાઇ રહે છે. આ યોજના મારા માટે આશીર્વાદ સમાન છે.

આ વર્કશોપમાં સંયુક્ત ખેતી નિયામક પી.ડી. રાઠોડ, એમ.કે. કુરેશી, સંયુક્ત ખેતી નિયામક અમદાવાદ શ્રીમતી કે.બી. છાયા, નાયબ ખેતી નિયામક રિંકેશ ભટ્ટ, નાયબ ખેતી નિયામકો વિસ્તરણ અને જમીન ચકાસણી પ્રયોગનાં અધિકારીઓ-પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

ભૂંકપનું એપિક સેન્ટર મહારાષ્ટ્રના પાલઘરમાં, ૩.૨ અને ૪.૪ નો આચકા નોંધાયો

વલસાડ અને સંઘ પ્રદેશોમાં ભૂંકપનાં આંચકાથી લોકોમાં ફફડાટ

વાપી

મહારાષ્ટ્રના પાલઘર વિસ્તારમાં સમાંયતરે ભૂંકપના આચકા રિકટર સ્કેલ પર નોંધાયા બાદ શુક્રવારે સવારે ૧૧.૦૮ કલાકે અને ૧૧.૧૪ કલાકે ૩.૨ અને ૪.૪ નો આચકો આવતા તેની અસર વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશોમાં થઇ હતી. લગભગ ૫ થી ૭ સેકન્ડ સુધી આચકાની અસર વર્તાતા લોકો ગભરાયા હતા.

ખાસ કરીને ઉમરગામમાં આંચકાને લઇ લોકો ઘરની બહાર દોડી ગયા ગતા. સાથે મકાનો વાસણો પણ ખખડયા હતા. મહારાષ્ટ્રના ભૂંકપના આચકાની અગાઉ અનેકવાર ઉમરગામ વિસ્તારમાં અસર થઇ હતી.

પ્રામ માહિતિ અનુસાર ઉમરગામ તથા આસપાસના વિસ્તારોમાં થોડા દિવસો અગાઉ લોકોએ ભૂંકપના આચકાનો અનુભવ થયા બાદ શુક્રવારનાં રોજ ફરીવાર વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશોમાં સવારે હળવો ભુકંપનો આંચકો આવ્યો હતો.

હળવા આચકા અનુભવાતા લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. આંચકાને કારણે મકાનોમાં વાસણો ખખડવાની સાથે ખુરશી પણ હલતા લોકો ઘરોની બહાર નિકળી ગયા હતા. જો કે કોઇ નુકશાન થયુ ન હતુ.

ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી મહિનામાં બનાસકાંઠામાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપનો આચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્ર બીંદુ ડીસાથી ૩૦ કિમી દુર બતાવવામાં આવી રહ્યું છે. મંગળવાર રાત્રે ૧૧.૯ મિનીટે ભૂકંપના આંચકા અનુભવાયો. લોકોમાં ભયનો માહોલ સર્જાયો અને ઘરની બહાર દોડી આવ્યા.

ભૂંકપનું એપિક સેન્ટર મહારાષ્ટ્રના પાલઘર દર્શાવાયું હતુ. રિકટર સ્કેલ પર શુક્રવારે સવારે ૧૧.૦૮ અને ૧૧.૨૪ કલાકે અનુક્રમે ૩.૧ અને ૪.૪ ના આચકા નોંધાયા હતા.

અત્રે ઉલ્લેખનિય છે કે છેલ્લા ઘણા સમયથી અવર નવાર મહારાષ્ટ્રમાં આવતા ભૂંકપના આચકાની અસર ઉમરગામ તાલુકામાં વર્તાઈ રહી છે. જેને કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાઈ રહ્યો છે.

સીએમ રૂપાણીની તબિયત લથડતા જૂનાગઢનો કાર્યક્રમ રદ કર્યો



ગાંધીનગર

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી જૂનાગઢ જવા માટે રાજકોટ એરપોર્ટ ઉતર્યા હતા. દરમિયાન તેમની તબિયત અસ્વસ્થ થતાં જ તેઓએ જૂનાગઢનો કાર્યક્રમ રદ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

જૂનાગઢમાં બુધવારથી શરૂ થયેલા જૂનાગઢના મહાકુંભમાં શુક્રવારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યના મુખ્યમંત્રી બપોરે ત્રણ વાગ્યે પ્રકૃતિ ધામમાં સંતસભા સંબોધવાના હતા. તે અંતર્ગત મુખ્યમંત્રી રૂપાણી રાજકોટ એરપોર્ટ પર પહોંચ્યા હતા. અહીંથી યોગી આદિત્યનાથ સાથે તેઓ જૂનાગઢ જવાના હતા.

પરંતુ રાજકોટ એરપોર્ટ પર ઉતરતાં જ રૂપાણીની તબિયત અસ્વસ્થ થઈ હતી. તેમને નબળાઈ લાગતાં જૂનાગઢનો કાર્યક્રમ રદ કર્યો હતો અને તેમને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવા સહિતની વ્યવસ્થા શરૂ કરાઈ હતી. સીએમ રૂપાણીની સારવાર દરમિયાન સોનોગ્રાફી પણ કરવામાં આવી હતી. જેમાં તેમને આંતરડામાં સોજા હોવાની વાત બહાર આવતા ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હતી. જેને લઈ સીએમ રૂપાણીએ તેમના તમામ કાર્યક્રમો રદ કરી દીધા છે અને તેઓ રાજકોટથી ગાંધીનગર પરત ફર્યા હતા. જો કે, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ નિયત સમયે જૂનાગઢ પહોંચ્યા અને ધર્મ સભામાં હાજરી આપી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક સો એકર વિસ્તારમાં વિશ્વકક્ષાનો એનીમલ પાર્ક તૈયાર થશે

કેવડિયા

કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમ નજીક સો એકર વિસ્તારમાં વિશ્વકક્ષાના એનીમલ પાર્કનું નિર્માણ કરવાની કવાયત તેજ થઈ ગઈ છે. આ પાર્કનું નામ સરદાર પટેલ જીયોલોજીકલ પાર્ક રાખવામાં આવે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. પાર્કમાં વાઘ, સિંહ, દીપડા અને જીરાફ, ઉરાંગ ઉટાંગ(ચીમ્પાન્ઝી) જીબ્રા સહીત કાંગારૂ અને ઓસ્ટ્રીચ પક્ષી પણ જોવા મળશે તેવા પ્રયાસ થઈ રહ્યા છે.

નર્મદા જિલ્લાના સૂત્રોના જણાવ્યા અનુસાર આ એનીમલ સફારી પાર્ક વિશ્વ કક્ષાનો હશે. આ પ્રોજેકટમાં મહત્વની પોસ્ટ પર નર્મદા યોજનાનાં અસરગ્રસ્ત પરીવારનાં બેરોજગાર યુવાનોને નિમણુક આપવાની વિચારણા થઈ રહી છે. હાલમાં જ તેમાંથી નર્મદા યોજનાનાં અસરગ્રસ્ત પરીવારનાં બેરોજગાર ૭૦ જેટલા યુવાનોને એનીમલ કીપર તરીકે નિમણુક પત્રો અપાયા હતા. સ્ટેચ્યુ ઓફ યુનીટીનાં સીઈઓ અને જીલ્લા કલેકટરના મત મુજબ તો સરકારે આપેલા વચન મુજબ અપેક્ષા કરતા પણ વધુ સ્થાનિકોને રોજગારી આપવાનો પ્રયાસ છે. તમામ ૭૦ યુવાનોને જુનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય અને ઈન્દ્રોડા પાર્ક સરકારી ખર્ચે તેમજ પાંચ હજાર રૂપિયાના સ્ટાઈપેન્ડ સાથે તાલીમ બધ્ધ કરવામાં આવશે.

વિદેશી પ્રાણી પક્ષીઓ જેવા કે જીબ્રા અને જીરાફ અને કાંગારૂ અને ઓસ્ટ્રીચ પક્ષીઓ માટે નર્મદાનું વાતાવરણ માફક આવે તેમ છે. જેથી પ્રાણીઓને ગરમીથી બચાવવા માટે પાંજરામાં પણ ખાસ સુવિધા વિકસાવાશે. વિશ્વના સાતેય ખંડોનાં પ્રાણીઓ અને પક્ષીઓ માટે ખંડ દીઠ અલગ-અલગ વિભાગ પણ રાખવામાં આવશે. વિશ્વમાં આ પ્રકારનું એનીમલ પાર્ક પહેલુ હશે કે જ્યાં દુનીયાનાં તમામ દેશોનાં પ્રાણીઓ અને પક્ષીઓ એક જ જગ્યાએ જોવા મળશે.આ પાર્ક સ્ટેચ્યુ ઓફ યુનીટી પાસે એક કીલોમીટર પર બનાવાશે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સુરક્ષામાં વધારો, ઉચ્ચ અધિકારીઓએ ધામા નાંખ્યા

કેવડિયા

જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાન અને ભારત વચ્ચે તણાવગ્રસ્ત માહોલ સર્જાયેલો છે. આવી સ્થિતિ વચ્ચે દુનિયાનું સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી સાથે કોઇ અનઇચ્છનિય ઘટના ન બને એ અંગે ધ્યાનમાં રાખીને સરદાર પટેલની પ્રતિમાની સુરક્ષાનો વધારો કરવામાં આવ્યો છે. જેના પગલે કેન્દ્ર અને રાજ્ય ગુપ્તચર શાખામાં ઉચ્ચ અધિકારીઓએ સ્ટેચ્યૂ ઉપર ધામા નાંખ્યા છે.

મળતી માહિતી પ્રમાણે શુક્રવારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીએ સવારથી જ રેન્જ આઇજીપી અભય ચુડાસમા પહોંચ્યા હતા. તેમણે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પગલે પ્રત્યેક સુરક્ષા પોઇન્ટની સમીક્ષા થઇ રહી છે. તો સાથે સાથે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પ્રવાસે આવતા હજારો પ્રવાસીઓની સુરક્ષાને પણ ધ્યાનમાં રાખીને સુરક્ષાનો વધારો કરાવ્યો છે. બીજી તરફ નર્મદા એસપી હિમકર સિંગ, એએસપી અચલ ત્યાગી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ૧૪ ફેબ્રુઆરીના દિવસે જમ્મુ કાશ્મીરના પુલવામા સીઆરપીએફના કાફલા ઉપર આતંકવાદી હુમલો કરાવામાં આવ્યો હતો. જેના પગલે ૪૦ જવાનો શહીદ થયા હતા. આ સાથે જ ૧૨ દિવસ બાદ ભારતીય વાયુ સેનાએ જૈશે એ મહોમદના આતંકવાદી ઠેકાણાઓ ઉપર હવાઇ હુમલો કરવામાં આવ્યો હતો.

વ્યારા ખાતે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને નોડલ અધિકારીઓની બેઠક યોજાઇ

વ્યારા

તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર.એસ. નિનામાની અધ્યક્ષતામાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને ચૂંટણીના સરળ સંચાલન માટે નિમણુંક કરવામાં આવેલ નોડલ અધિકારીઓની બેઠક યોજાઇ હતી.

બેઠક દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી નિનામાએ આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીના સરળ સંચાલન માટે વહીવટીતંત્રના અધિકારીઓને નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ નોડલ અધિકારીઓની કામગીરી સંદર્ભે તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ માટે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન ચૂંટણી અધિકારી નિનામાએ દરકે નોડલ અધિકારી પાસેથી તેમને સોંપવામાં આવેલી કામગીરી અંગેની વિગતો મેળવી હતી. આ ઉપરાંત તેમણે દરેક નોડલ અધિકારીએ કરવાની થતી કામગીરી અંગે પણ વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક દરમિયાન ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીઓ/કર્મચારીઓની તાલીમ, પોસ્ટલ બેલેટ, મતદાન મથકો પર મીનીમમ બેઝીક ફેસીલીટી, સ્ટાફ વેલફેર, મીડીયા મેનેજમેન્ટ, ઈ.વી.એમ અને વીવીપેટ, મટીરિયલ મેનેજમેન્ટ, આચારસંહિતા અમલીકરણ, સહિતના વિવિધ મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી મુકતઅને ન્યાયી વાતાવરણમાં યોજાય એ માટે તમામ અધિકારીઓને તેમને સોંપવામાં આવેલી કામગીરી પુરેપુરી નિષ્ઠાથી કરવા માટે તેમણે અનુરોધ કર્યો હતો.

બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલે પણ ઉપસ્થિત અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરી, નાયબ વન સંરક્ષક આનંદકુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયા, પ્રાયોજના વહીવટદાર વિજયભાઇ પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી આશાબેન વસાવા, જિલ્લા પુરવઠા અધિકારી, વ્યારા પ્રાંત તુષારભાઇ જાની, નિઝર પ્રાંત આર.સી.પટેલ, તમામ કાર્યપાલક ઇજનેરો, જિલ્લા શિક્ષણાધિકારી પટેલ, અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ક્રિકેટ રમતી વખતે બેભાન થયેલા આધેડનું મોત નીપજ્યું

સુરત

સુરતના ભાટપોર ખાતેના બાવાજી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમતી વખતે બેભાન થયેલા અડાજણના આધેડનું મોત નીપજ્યું હતું. હાર્ટએટેક આવતા મોત થયું હોવાનું તબીબે પ્રાથમિક અનુમાન વ્યક્ત કર્યું હતું.

મળતી માહિતી પ્રમાણે અડાજણ ગંગેશ્વર મહાદેવ મંદિરની પાછળ આવેલા આશિષ સંકુલ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૦ વર્ષીય દેવાંગરાજ પ્રકાશરાજ ભાઉ રિલાયન્સ કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા. મૂળ અમદાવાદના વતની દેવાંગરાજને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેમનો પુત્ર તીર્થ ડિપ્લોમાં આઈઈટીનો જ્યારે પુત્રી માનસી નિરમા કોલેજમાં અભ્યાસ કરે છે.

બુધવારે દેવાંગરાજ ભાટપોર ખાતેના બાવાજી સોપ્રેટ ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમવા ગયા હતા. તે સમયે આઠેક ઓવર રમ્યા બાદ તેઓ થ્રો ફેંકવા જતાં અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને ગંભીર હાલતમાં હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હા. જ્યાં તેમને તબીબોએ મૃતજાહેર કર્યા હતા. અકાળે મોતના પગલે પરિવારજનો ઘેરા શોકમાં આવી ગયા છે.

હાર્ટએટેક આવતા મોત થયું હોવાનું તબીબોએ પ્રાથમિક તપાસમાં અનુમાન વ્યક્ત કર્યું હતું. જોકે, જરૂરી સેમ્પલ લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા મળશે.

પવનની દિશા બનદલવાની સાથે દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નજીવો વધારો

સુરત

ઉત્તર ારતના પર્વતીય વિસ્તારોમાં ફરી હિમવર્ષા થઈ હોવાથી રાજ્યના હવામાનમાં ફેરફાર આવ્યો છે.આજે પવનની દિશા બદલાતા દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નજીવો વધારો થતા રાત્રે ઠંડી અને દિવસ દરમિયાન ગરમીમાં વધારો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૬.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૩.૬ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર-પુર્વ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં નજીવો વધારો નોંધાયો છે. રાત્રિના અને મળસ્કે ઠંડીનો ચમકારો વધ્યો છે. સાથો સાથ દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું છે. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૪.૬ ડિગ્રી નોંધાયું છે. ઉત્તર ભારતમાંથી ઠંડા પવનની અસરથી રાત્રે તાપમાન ઘટયુ હતું, પરંતુ આજે સવારથી પવનની દિશા પૂર્વ તરફની થતા બપોરના સમયે ગરમીમાં વધારો નોંધાયો છે.

ગુજરાતી મહિલા ગાર્ગીબેન પટેલને ઇંગ્લેન્ડમાં 'મેમ્બર ઓફ ધ ઓર્ડર બ્રિટિશ એમ્પાયર' એવોર્ડ એનાયત



રાજપીપળા :ગુજરાતી મહિલા ગાર્ગી પટેલને ઇંગ્લેન્ડના બર્ગીધમ પેલેસમાં રિન્સ ચાલ્સના હસ્તે મેમ્બર ઓફ ધ ઓર્ડર બ્રિટિશ એમ્પાયરનો એવોર્ડ આપવામાં આવતા ગાર્ગીબેન પટેલે ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે.

આજે દેશ અને દુનિયાના દરેક ખૂણામાં ગુજરાતીઓનો કોઈને કોઈ ક્ષેત્રમાં ડંકો વાગી રહ્યો છે.ઇંગ્લેંડના રાજવી પરિવાર દ્વારા ગુજરાતના કરામસદના રહેવાસી ગાર્ગીબેન પટેલને તાજેતરમાં એક મહત્વનો એવોર્ડ આપવામાં આવ્યો છે.ગાર્ગીબેન પટેલ આમ તો મૂળ આણંદ જિલ્લાના કરમસદના રહેવાસી છે.તેમના પિતાનું નામ બિપિનભાઈ પટેલ અને માતાનું નામ મંદાબેન છે.૫૪ વર્ષની વયના ગાર્ગીબેન પટેલ વર્ષોથી ઇંગ્લેડનમાં રહે છે અને ઈમિગ્રશન એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટમાં ઇમિગ્રેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે.ઇંગ્લેન્ડમાં રહેતા ભારતીયોને કોઈ વિઝા માટે અને ઇંગ્લેન્ડથી પરત ભારત આવવા માટે તકલીફો પડે છે.તેવા લોકો સરળતાથી ભારત આવી શકે તે માટે એમણે ઇંગ્લેન્ડમાં પ્રશંસનીય કરી હતી.

એમની આ પ્રશંસનીય કામગીરીની નોંધ ઇંગ્લેન્ડના રાજવી પરિવારે લીધી અને એમને રાજવી પરિવારના લંડન ખાતેના બર્મીધમ પેલેસ ખાતે પ્રિન્સ ચાલ્સના હસ્તે મેમ્બર ઓફ ધ ઓર્ડર બ્રિટિશ એમ્પાયરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.એક ગુજરાતીની મહિલાએ ગુજરાતનું ગૌરવ વિશ્વ કક્ષાએ વધાર્યું છે.

સૌરાષ્ટ્ર-કચ્છની ચૂંટણી તૈયારી અંગે ૫ માર્ચે વીડિયો કોન્ફરન્સ

સુરત-કચ્છ

આગામી લોકસભાની ચૂંટણીને લઈને મુખ્ય નિવાર્ચન અધિકારીની અધ્યક્ષતામાં લોકસભાની બેઠક વાર સમીક્ષા બેઠકો શરૂ કરવામાં આવી છે. જેમાં આજે સુરત, ભરૂચ, વલસાડ, નવસારી, તાપી અને ડાંગ જિલ્લાની સમીક્ષા બેઠક સુરત ખાતે યોજવામાં આવી છે અને તે દિવસે વડોદરા ખાતે પણ છ જિલ્લાની સમીક્ષા યોજવામાં આવી છે. જયારે સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાની તા.૫ માર્ચ વીડિયો કોન્ફરન્સથી સમીક્ષા કરવામાં આવશે.

ચૂંટણીપંચના સત્તાવાર સૂત્રોના જરાવ્યાનુસાર લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ચૂંટણીને લગતી તૈયારીઓ અંગે લોકસભાની બેઠક તેમના જિલ્લાવાર શરૂ કરવામાં આવી છે.

આ બેઠકમાં પોલીગ સ્ટાફ ડેટા બેઝ મેનેજમેન્ટ, મતદાર યાદી સુધારણા અને સિંગલ વિન્ડો સીસ્ટમ સુવિધાના સેટઅપને લઈને તૈયાર રહેવા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે જેમાં તમામ ચૂંટણી સંબંધિત કામ કરતા અધિકારીઓને હાજર રહેવા ફરમાન થયું છે. આ માટે પ્રેઝન્ટેશન તૈયાર રાખવા જણાવવામાં આવ્યું છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં આવતી તમામ બેઠકો માટે એક-એક કલાક ફાળવવામાં આવ્યો છે. જિલ્લા કલેકટરોને વીડિયો કોન્ફરન્સમાં હાજર થવાનું ફરમાન આપવામાં આવ્યું છે. આમ ગુજરાત રાજ્યમાં ચૂંટણીપંચ તેની કામગીરી આખરી ગિયરમાં પડી ચૂકી છે.

ધો.૧૦નો વિદ્યાર્થી અકસ્માત બાદ બ્રેઈન ડેડ, અંગદાનથી ચારને જીવનદાન

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભીલાડ ચાર રસ્તા પાસે દહેલી ગામમાં રહેતા અને ધોરણ ૧૦નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીને એક્સિડન્ટ બાદ બ્રેઈનડેડ જાહેર કરાયો હતો.બાદમાં વિદ્યાર્થીના અંગોના દાન કરાયું હતું.કોળી પટેલ સમાજના બ્રેનડેડ મીત ભરતભાઈ પટેલના પરિવારે કિડની, લિવર અને સ્વાદુપિંડનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપીને માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી છે. ભીલાડમાં આવેલ સ્વામીનારાયણ ગુરુકુળમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતાં ૧૬ વર્ષિય મીત ભરતભાઈ પટેલ પિતા સાથે ગત ૨૬મીના બાઈક પર બેસીને ઝેરોક્ષ કરાવવા જઈ રહ્યો હતો. ત્યારે ભીલાડ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પાસે એક અજાણ્યા ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારતા મીત બાઈક ઉપરથી નીચે પડી ગયો હતો. તેને માથામાં તેમજ કમર અને છાતીના ભાગે ગંભીર



ઈજાઓ થઈ હતી. તેથી તેને તાત્કાલિક વાપીમાં આવેલ રેઈન્બો હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સુરતની મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં રાત્રે સાડા અગિયાર કલાકે ડૉ. કરસન નંદાનીયાની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. નિદાન માટે સીટી સ્કેન કરાવતા નાના મગજમાં લોહીનું પરિભ્રમણ બંધ થઈ થઈ ગયું હતું. તેમજ મગજ ઉપર સોજો હોવાનું નિદાન થયું હતું. અને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યો હતો. દાનમાં મેળવવામાં આવેલ કિડની પૈકી એક કિડની અમદાવાદના રહેવાસી રતનબેન સંદીપ વાઘેલા ઉ.વ. ૩૬, બીજી કિડની ભરૂચના રહેવાસી રાજેન્દ્રસિંહ મુળજીભાઈ સયાનીયા ઉ.વ.૬૬, લિવર અમદાવાદના રહેવાસી અલ્પેશ દિનેશચંદ્ર ભલાણી ઉ.વ. ૪૫, જયારે સ્વાદુપિંડનું ટ્રાન્સપ્લાન્ટ માંગરોળના રહેવાસી પોપટભાઈ મેરૂભાઈ ઓડેદરા ઉ.વ. ૩૯માં અમદાવાદની આઈકેડીઆરસી ખાતે ડો. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં વાડ જ ચીભડાં ગળે તેવા ઘાટના કારણે દર્દીઓ હેરાન

રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા લાંબા સમયથી આંખના ઓપરેશન થતા ન હોવાની વાત





વડોદરા બેઠેલા આરડીડીએ પણ આ બાબતે અજાણ હોવાની વાત કરી , તપાસ કરી જણાવું એમ કહ્યું આઈ સ્પેસ્યાલીસ્ટ ડોક્ટર હોવા છતાં ઓપરેશનો કેમ થતા નથી એ મોટો સવાલ ત્યારે આઈ સ્પેસ્યાલીસ્ટ પાસેજ સિવિલ સર્જનનો ચાર્જ છે છતાં દર્દીઓના ઓપરેશન નથી થતા તો દર્દીઓ ફરિયાદ કોને કરે...?

રાજપીપળા : નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં ઇન્ચાર્જોના ભરોસે લાંબા સમયથી અંધેર વહીવટ ચાલતા બીમાર દર્દીઓ હેરાન થઈ રહ્યા છે જેમાં સિવિલ સર્જન અને આરએમઓ બંને ચાર્જમાં છે જેના કારણે ઘણી તકલીફ જોવા મળે છે જેમાં ઘણા સમયથી અમુક ઓપરેશન બાબતે પણ દર્દીઓને વડોદરા લાંબા થવું પડે છે.જોકે હાલમાં મોટાભાગના ડોક્ટરો આ હોસ્પિટલમાં મુકાયા છે પરંતુ દર્દીઓની તકલીફનો અંત આવતો નથી તેનું કારણ આ હોસ્પિટલનો અણગઢ વહીવટ ોય એમ લાગે છે જેમાં કોઈ રેગ્યુલર સિવિલ સર્જન નથી તેથી વહીવટ કથળી રહ્યો હોય એમ લાગે છે ત્યારે હાલમાં મુકાયેલા તબીબો પણ આ હોસ્પિટલમાં કેટલા ટકશે એ પણ મોટો સાલ છે કેમકે જાણવા મળ્યા્જબ અગાઉ મુકાયેલા મેડિકલ ઓફિસરો અન્ય જગ્યાએ બદી અથવા રાજીનામાં મૂકી ચાલ્યા ગયા હતા જેમાં આ હોસ્પિટલમાં થતી હેરાનગતિ જવાબદાર હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે હાલં મુકાયેલા નવા તબીબો કેટલા ટકશે એ પણ એક સવાલ છે અંદરો અંદરની ટાંટિયાખેંચ માથાકૂટના કારણે તકલીફ વેઠતા દર્દીઓ રાન થઈ રહ્યા છે. ત્યારે આ હોસ્પિટલમાં ઓર્થો,સર્જન,ગાયનેક જેવા તબીબો ઓપરેશન કરે છે પરંતુ આંખના ઓપરેશનો ન થતા હોવાની વાત બહાર આવતા આ બાબતે અમે વડોદરા બેઠેલા નિયામક (આર ડી ડી) સાથે ટેલિફોનિક વાત કરતા આર ડી ડી ઈટારે એ જાવ્યું કે આંખના ઓપરેશન થાય છે કે નહીં એ મને ખ્યાલ નથી પણ હું તપાસ કરી જણાવીશ.



સંગીતાબેન પરીખે પેહલા જણાવ્યું કે ઓર્થો ,જનરલ સર્જન અને ગાયનેકના ઓપરેશન થાય છે ત્યારે આંખના ઓપરેશન બાબતે પેહલા ના પાડ્યા બાદ મોતિયાં ઓપરેશન થાય છે કે નહીં એમ પૂછતાં જણાવ્યું કે મોતિયાના ઓપરેશનના દર્દી આવે તો થાય છે એમ પરંતુ સુત્રોના જણાવ્યા મુજબ છેલ્લા એક વર્ષમાં આંખના કે મોતિયાના કોઈ ખાસ ઓપરેશન થયા નથી ત્યારે સત્ય શું છે એ બાબતે આર ડી ડી તપાસ કરશે...?

ઓપરેશન કેમ ઘટ્યા એ બાબતે આઈ સર્જન અને સીડીએમઓનો ચાર્જ સંભાળતા અમારા મેડમને પૂછો તો સારું : ડૉ.હરેશ કોઠારી (આરએમઓ)

રાજપીપળા સિવિલમાં આર એમ ઓ નો ચાર્જ સંભાળતા ડૉ.હરેશ કોઠારીને આ બાબતે પૂછતાં જણાવ્યું કે ૨૦૧૨ થી ૨૦૧૪ ના વર્ષમાં આંખના નાના મોટા ઘણા ઓપરેશનો થતા હતા પરંતુ હાલ આ ઓપરેશનો નહીં બરાબર છે અને ડૉ.કોઠારી એ અગાઉના વર્ષોના આપેલા સરારી આંકડા મુજબ ગત ૨૦૧૨-૧૩ ના વર્ષમાં મોટા ૧૦૦ આંખના ઓપરેશનો અને નાના ૦૬ ઓપરેશન થયા ત્યારબાદ ૨૦૧૩-૧૪ ના વર્ષમાં મોટા ૭૦ અને નાના ૦૯ ,૨૦૧૪-૧૫ માં મોટા ૧૬ અને નાના ૦૫ ઓપરેશન થયા વર્ષ ૧૫-૧૬ માં મોટા ૦૨ અને નાના ૦૧ થયા ,૧૬-૧૭ ના વર્ષમાં મોટું એક પણ ઓપરેશન નથી થયું અને નાનું ૦૧ થયું હતું જયારે વર્ષ ૧૭-૧૮ માં એક પણ મોટું ઓપરેશન થયું નથી જયારે ૦૨ નાના થયા છે અને અંતમાં વર્ષ ૧૮-૧૯ માં ફક્ત ત્રણ મોટા જ ઓપરેશન થયા છે ત્યારે વર્ષ આગળ જતા ઓપરેશનો ઓછા જરૂર થાય છે પરંતુ કેમ ઓછા થાય છે એમ પૂછતાં ડૉ.કોઠારી એ જણાવ્યું કે એ બાબતે મને પૂછવા કરતા ઇન્ચાર્જ સિવિલ સર્જન ડૉ. સંગીતાબેન પરીખ કે એ પોતેજ આંખના સ્પેસ્યાલીસ્ટ છે તેમને પૂછો તો વધારે યોગ્ય કહેવાશે.

MARKET4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઇચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847